Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૩૮ મું | સંવત ૧૯૯૬
અંક ૨ જો | ભાદરવો



પ્રકાશક:—
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય


૧. પર્વાધિરાજ પર્યૂષણના પવિત્ર પંથો. ... ... ( કવિ રેવાશંકર વાલજી બધેકા. ) ૨૯
૨. શ્રી ધર્મશર્માભ્યુદય મહાકાવ્ય. ... ( ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા. ) ૩૧
૩. સુખ સમીક્ષા. ... ... ... ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ. ) ૩૪
૪. પ્રભુ મહાવીરે મોહમસ્ત જગતને ત્યાગધર્મ જ કેમ આપ્યો ? (મુનિશ્રી હંસસાગરજી મહારાજ) ૩૮
૫. વિચારરાશી અને વચનામૃતના વાકયો. ... ( મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ. ) ૪૨
૬. પતિવ્રતા સ્ત્રીઓનો ધર્મ અને લક્ષણો. .... ... ... ( આત્મવલ્લભ. ) ૪૪
૭. ધર્મનું મૂળ દુઃખમાં છુપાયેલું છે. ... ... ( અનુ૦ અભ્યાસી B. A. ) ૪૭
૮. અમીયભરી મૂરતિ. ... ... ...( મોહનલાલ દીપચંદ ચોકસી. ) ૫૧
૯. નૂતન વર્ષ પ્રવેશ. ... .... ...( રાયચંદ મૂળજી પારેખ ) ૫૩
૧૦. વર્તમાન સમાચાર. ... ... ... ... ... ૫૪


---


## નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહ:

નિરંતર પ્રાતઃકાળમાં સ્મરણીય, નિર્વિધ્નપણું પ્રાપ્ત કરાવનાર, નિત્ય પાઠ કરવા લાયક નવ સ્મરણો સાથે બીજા પ્રાચીન ચમત્કારિક પૂર્વાચાર્યકૃત દશ સ્તોત્ર તથા રત્નાકર પચ્ચીશી અને બે યંત્રો વિગેરેનો સંગ્રહ આ ગ્રંથમાં આપેલ છે. ઊંચા કાગળો, જૈની સુંદર અક્ષરોથી નિર્ણયસાગર પ્રેસમાં છપાયેલ, સુશોભિત બાઈંડીંગ અને શ્રી મહાવીરસ્વામી તથા ગૌતમસ્વામી અને બે પૂજ્યપાદ ગુરુ મહારાજાઓની સુંદર રંગીન છબીઓ પણ ભક્તિ નિમિત્તે સાથે આપવામાં આવેલ છે. કિંમત માત્ર રૂા. ૦–૪–૦ ચાર આના તથા પોસ્ટેજ રૂા. ૦–૧–૩ મળી મંગાવનારે રૂા. ૦–૫–૩ ની ટિકિટો એક બુક માટે મોકલવી.


---


## "શ્રી આત્માનંદ પ્રકાશ"ના ગ્રાહકોને ભેટનું પુસ્તક.

"દેવસિરાઇ પ્રતિક્રમણ સૂત્ર" જેમાં મૂળ, શબ્દાર્થ, ભાવાર્થ, અન્વયાર્થ, છ આવશ્યકનું સ્વરૂપ, સમજપૂર્વક આદરવાથી આત્માને થતા લાભ માટેનું વિવેચન, પ્રતિક્રમણના સામાન્ય હેતુઓ. ભરહેસરની સજ્ઝાયમાં આવતા સત્ત્વશાળી પુરુષો તથા સતીઓની ટુંકી કથાઓ, પચ્ચક્ખાણ સૂત્રો, અર્થ સહિત ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિઓ અર્થ સહિત, પ્રતિક્રમણ સંબંધી ઉપયોગી કેટલાક વિષયો અને વિધિઓ વિગેરેથી આ ગ્રંથ પઠન-પાઠન કરવા જેવો તૈયાર કરેલ છે. તેની વિશેષ હકીકત ગયા અંકમાં આપવામાં આવી છે. તે ચાલતા ધોરણ મુજબ બે વર્ષના લવાજમનું વી. પી. કરી અમારા માનવંતા ગ્રાહકોને ભાદરવા શુદિ ૫ થી ભેટ મોકલવાનું કાર્ય શરૂ થયેલ છે જે સ્વીકારી લેવા અમારી નમ્ર સૂચના છે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક : ૩૮ મું : આત્મ સં. ૪૫ : વીર સં. ૨૪૬૬ : ભાદ્રપદ :
અંક : ૨ જો : * * વિક્રમ સં. ૧૯૯૬ : સપ્ટેમ્બર :

# પર્વાધિરાજ પર્યૂષણાના પવિત્ર પંથે.

### દોહરા.

ધર્મ–કર્મ સમજાવતું, પર્યૂષણનું પર્વ;
ધર્મતણાં શાસન સુણો, જૈન બન્ધુઓ સર્વ. ૧

### સવૈયા ( એકત્રીશા ) છંદ.

પર્વતણા અધિરાજ પધારે, હૃદયોને રમ્યક કરવા,
રાગ, દ્વેષ, અભિમાન ઉરોનાં, હૈયાંથી હરદમ હરવા;
સત્ય વસ્તુ બતલાવી આપે, દૂર કરે છે દાંભિક ઠાઠ,
પર્વ સર્વમાં **પર્યૂષણ** તો, પ્રૌઢપ્રતાપી નૃપ સમ્રાટ. ૧

જપ-તપ-વૃત્તો, પાઠપૂજાઓ, અંતરમાં શાંતિ આપે,
'આત્મતત્ત્વ' ઓળખવા માટે, જ્ઞાનબોધ હૃદયે સ્થાપે;
માનવજન્મતણી સાર્થકતા, ભવસિન્ધુનો ઊતરે ઘાટ,
પર્વ સર્વમાં **પર્યૂષણ** તો, પ્રૌઢપ્રતાપી નૃપ સમ્રાટ. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જગદુધ્ધારક **મહાવીરસ્વામી**, વંચાએ વિમળા વ્યાખ્યાન,
અદ્‌ભુત શુધ્ધ ચરિત્રો સૂણતાં, ભક્તિકેરું થાએ ભાન;
ઉપદેશી અમૃતવાણીથી, હૃદયક્ષેત્રનો સુધરે પાટ,
પર્વ સર્વમાં **પર્યૂષણ** તો, પ્રૌઢપ્રતાપી નૃપ સમ્રાટ. ૩

એકભુક્ત અપવાસો ને, અઠ્ઠાઇ વગેરે જે જે વૃત્ત,
ઊંડો મર્મ રહ્યો છે એમાં, 'મનસંકલ્પ' થવા નિવૃત્ત;
સત્ય, અહિંસા, ને તપસાધન, ઉરના સૌ ટાળે ઉચાટ,
પર્વ સર્વમાં **પર્યૂષણ** છે, પ્રૌઢપ્રતાપી નૃપ સમ્રાટ. ૪

સર્વ વદો "**मिच्छामि दुक्कडम्**" ક્ષમાધર્મનો એ મહામંત્ર,
માનવજન્મતણી સાર્થકતા, ચાહો તો યોજો એ યંત્ર;
ક્ષમા, દયા, તપ એ ત્રણથી, તરી જાશો ભવસાગરની વાટ,
પર્વ સર્વમાં **પર્યૂષણ** છે, પ્રૌઢપ્રતાપી નૃપ સમ્રાટ. ૫

'ક્ષમાધર્મ' એ મોક્ષમાર્ગ છે, પરસ્પરે દેજ્યો-લેજ્યો,
પુત્ર-પૌત્ર સૌ આપ્તજનોનાં, હૃદયે એ વહનો વહેજ્યો;
સર્વ ધર્મનું તત્ત્વ 'અહિંસા' જૈનશાસને એ છે પાઠ,
પર્વ સર્વમાં **પર્યૂષણ** છે, પ્રૌઢપ્રભામય નૃપ સમ્રાટ. ૬

## દોહરા.

આઠ દિવસ ઉછવ કરો, હરો પાપ પરિતાપ,
મનસંયમ ધર્મો ધરો, જપો અહિંસા જાપ. ૧
આત્મતત્ત્વ અવલોકજ્યો, એ છે સૌનો સાર,
સદ્‌ગુરુને શરણે જતાં, ઉતરશો ભવપાર. ૨

સં. ૧૯૯૬ પર્યૂષણપર્વ.
શ્રાવણ વદિ ૧૨ ભૃગુ.

લી. સદ્ધર્મબોધક,
**રેવાશંકર વાલજી બધેકા.**
નિવૃત્ત, પરીક્ષક અને ધર્મોપદેશક,
**ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી ધર્મશર્માભ્યુદય મહાકાવ્ય

સમશ્લોકી અનુવાદ (સટીક)

## દ્વિતીય સર્ગ.

## મહાસેન નૃપવર્ણન.

[ ગત વર્ષના પૃષ્ઠ ૨૫૧ થી શરૂ ]

**વંશસ્થ વૃત્ત***

વિશાલ ઇક્ષ્વાકુ પ્રસિદ્ધ વંશમાં,
નૃપાલ મુક્તામય વિગ્રહી તહાં;
થયો મહાસેન સુનામ ધારતો,
સ્વવંશને શત્રુશિરો સુહાવતો. ૧

દગ્ગોચરે જે પડતાં રિપુ અરે !
સ્ત્રીઓ ય કંદર્પ અપત્રપા ધરે;
શું ચિત્ર ત્હેના શર પંચ વીંધતાં,
ક્ષણે દ્રવી સંગરસંગતા જતા ? ૨

દિશાજયે ચાલતી સેનના ભરે,
ભમંત ભૂમિવલયે ભૂમિધરો;
કંપ્યા નહિં જંગમ માત્ર ભીતિથી,
સ્થિરો ય શત્રુગણ ત્રાણ દોષથી. ૩

* વંશસ્થ અને ઇંદ્રવંશામાં પ્રથમ અક્ષર ગુરુ સિવાય સમાનપણું હોવાથી, અત્ર અનુવાદમાં કવચિત્ પ્રથમ અક્ષર ગુરુ મૂકવાની છૂટ લીધી છે.

૧. તે રત્નપુરમાં, વિશાલ ઇક્ષ્વાકુ વંશમાં જન્મેલો મહાસેન નામે રાજા હતો; કે જે મુક્તામય વિગ્રહી–આમય–રોગરહિત દેહવાળો, અથવા રોગ અને વિગ્રહથી મુક્ત અથવા મૌક્તિક જેવા ગૌર દેહવાળો હતો; અને જે પોતાના કુલને અને શત્રુના મસ્તકને શોભાવતો હતો.—**શ્લેષ** અને **દીપક.**

૨. જે રાજા દૃષ્ટિએ પડતાં, શત્રુઓ અને સ્ત્રીજનો પણ અપત્રપા (વાહન રહિત અથવા લજ્જા રહિત) થઈ કંદર્પ ધારણ કરતા ! તો પછી તેના પંચબાણથી વીંધાતાં, તે સંગરસંગત થઇ ક્ષણમાં દ્રવી જાય એમાં આશ્ચર્ય શું ?—**શ્લેષ** આ પ્રમાણે ઘટાવવા:—

अपत्रपा–' पत्रं वाहनं पान्तीति पत्रपाः'–વાહન રહિત (શત્રુપક્ષે)–त्रपा–લજ્જા રહિત (સ્ત્રીપક્ષે)

કંદર્પ=कं+दर्प=કયું અભિમાન (શત્રુપક્ષે); કામ (સ્ત્રીપક્ષે).

સંગરસંગત=संगर+संगत=યુદ્ધમાં ભેટો થતાં (શત્રુપક્ષે)=संगरस=गता=સંગના રસને પામતાં (સ્ત્રીપક્ષે).

દ્રવી જતા=ભાગી જતા (શત્રુપક્ષે); રસાર્દ્ર થતા (સ્ત્રીપક્ષે).

૩. દિગ્વિજય સમયે જે રાજાની ચાલતી સેનાના ભારથી ભમતા ભૂચક્રમાં કેવલ જંગમ ભૂમિધરો (રાજાઓ) કંપાયમાન થયા, એટલું જ નહિં પણ સ્થિર ભૂમિધરો (પર્વતો) પણ શત્રુઓને રક્ષણ આપ્યાના દોષથી જાણે ડરીને કંપી ગયા!–**ઉત્પ્રેક્ષા+શ્લેષ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પીં તાસ રૂપામૃત નેત્ર-પાત્રથી,
યથેચ્છ સ્ત્રીઓ ન જ તૃપ્તિ પામતી;
શમાઈ અંતઃ ન શકયાથી તે ખરે !
હર્ષાશ્રુ બ્હાને તનથી શું નીકળે ! ૪

" કુલે શું ત્હારા સ્થિતિ એવી છે જ જે,
લક્ષ્મી સુતા અંક ન તેહનો ત્યજે;
સભામહીંયે !"–ઠપકો શું આપવા,
ઇર્ષ્યાથી કીર્તિ ગઈ અબ્ધિ પાસમાં ! ૫

ત્હેના હયોના પદઘાતથી તહીં,
વીંધાયલી જે મણિશંકુથી મહી;
તેને અતિ પીડિત તો ય શેષ રે !
ફગાવવા હિંમત ના હજુ કરે ! ૬

ત્યારે રિપુ મજ્જનથી ઉડયા જુઓ !
ત્હેના દાસે આ અસિનીર બિંદુઓ;
ન વ્યોમમાં તારક તે,-ન તો તહાં,
આ કૂર્મ મત્સ્યો મકરો ય હોય કાં ? ૭

" એણે રણે આ અમને દીધું-વળી,
કયાંથી મળ્યું ? " એમ કુતૂહલે બલી;

૪ ત્હેનું રૂપરૂપી અમૃત નેત્રરૂપ ભાજનવડે યથેચ્છપણે પીતાં સ્ત્રીઓ તૃપ્તિ પામતી જ નહિં–ધરાતી નહિં; તે રૂપામૃત અંદર ન સમાઇ શકવાથી જાણે આનંદાશ્રુના બ્હાને શરીરમાંથી બ્હાર નીકળતું-છલકાતું !—ઉત્પ્રેક્ષા+અપહ્નુતિ.

૫. " હે તાત ! ત્હારા કુળમાં પણ શું આવી સ્થિતિ–રીતિ છે કે ત્હારી પુત્રી લક્ષ્મી તે નૃપ–પતિનો ઉત્સંગ–ખોળો ભરસભામાં પણ છોડતી નથી ? "–એમ જાણે ઇર્ષ્યાથી ઉપાલંભ–ઠપકો આપવાને કીર્તિ સમુદ્ર પાસે ગઇ !–ઉત્પ્રેક્ષા. રાજાની શ્રી અને કીર્તિ પત્નીરૂપે કલ્પી છે. એટલે સપત્ની–શોકયની ઇર્ષ્યાથી કીર્તિ જાણે મ્હેણું મારે છે–તાત્પર્યઃ રાજાની કીર્તિ સાગરપર્યંત પહોંચી હતી, અને તેની શ્રીસંપન્નતા અસાધારણ હતી.

૬. ત્યારે તે રાજાના ઊંચા અશ્વોના પદપ્રહારથી આક્રાંત થતી જે પૃથ્વીમાં શેષનાગના મણિ-શંકુઓ ઘોંચાતા હતા, તે પૃથ્વીને દૂર કરવા–પોતે અતિ બાધા પામતો છતાં–શેષનાગ હજુ પણ હામ ભીડતો નથી !–તે એટલો બધો ડરી ગયો છે કે સંકોચાઇને રહી તે સળવળતો પણ નથી !–અતિશયોક્તિ.

૭. આ જે આકાશમાં દેખાય છે તે તારા નથી, પણ એ તો એના અસિ–જલમાં શત્રુઓના નિમજ્જનથી ઊડેલા બિંદુઓ છે ! જો એમ ન હોય તો તેમાં કૂર્મ, મત્સ્ય અને મગર કયાંથી હોય? ( કૂર્મ, મત્સ્ય, મકર રાશિ તેમાં છે તેથી. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે પૃષ્ઠ ના કયા નમતા નરેંદ્રનું,
જોતો કરસ્પર્શતણા મિષે ગણું. ૮
ભુજંગ એની અસિથી બચાવવા,
તંત્રે ચુતા મંત્રીય શક્ત ના હવા;
તેથી જ જાણે ભીત શત્રુઓ શિરે,
તેના પદોની નખશ્રેણીઓ ધરે! ૯
તેજસ્વીનું તેજ અછાદ્ય છે મહા,
વર્ષા સમે, તદ્ અસિ ઉગમ્યે અહા!
નવામ્બુધારા પતનોથી જર્જરા,
ભાગી ગયા વેગથી રાજહંસલા. ૧૦
અસિ વિંઝાતાં દૂર કલાંતિ જેહની,
એવો જ ત્હેનો ભુજ પામી મેદિની;
જાણે વિષાગ્નિયુત શ્વાસથી ઘણી,
થૈ વ્યાકુલા મૈત્રી ત્યજે ફણીંદ્રની! ૧૧

—ડૉ. ભગવાનદાસ મનઃસુખલાલ મહેતા.

---

૮. "એણે રણસંગ્રામમાં તો આ પૃષ્ઠ(પૂંઠ) અમને દીધું હતું, તો પુનઃ આ એને ક્યાંથી મળ્યું?" એમ જાણે કુતૂહલથી તે રાજા પ્રણામ કરતા કયા રાજાનું પૃષ્ઠ કરસ્પર્શના બ્હાને તપાસતો નહિ!–**ઉત્પ્રેક્ષા.**

૯. એની ભુજંગ (હાથમાં રહેલી અથવા સર્પ) તલવારથી બચાવવાને તંત્રવાળા મંત્રીઓ પણ સમર્થ ન્હોતા, એટલા માટે જાણે ભયભીત શત્રુઓ તેના ચરણની નખકિરણાવલી મસ્તકે ધારણ કરતા હતા!–**ઉત્પ્રેક્ષા** અને **શ્લેષ.**

ભુજંગ=ભુજં+ગતા=હાથમાં રહેલી; સર્પ. તંત્ર=રાજ્યતંત્ર; તાંત્રિક વિદ્યા.

મંત્રી=સચિવ, પ્રધાન; માંત્રિક, મંત્રવિદ્યા જાણનાર.

૧૦. તેજસ્વીનું અચ્છાદ્ય–નહિં છુપાય એવું તેજ પયોદસમયે–વર્ષાકાલે પ્રબળ હોય છે; આ નૃપ ઉપરથી **અર્થાંતરન્યાસ**વડે એનું સમર્થન કરે છેઃ–તેની તલવાર પ્રવૃત્ત થતાં, નવજલધારા પડવાથી જર્જર–ખોખરા થયેલા રાજહંસો વેગે પલાયન કરી ગયા. તેની અસિને મેઘ સાથે સરખાવી છે. તાત્પર્યઃ વર્ષામાં જેમ જલધારાથી જર્જર થતા રાજહંસ પક્ષીઓ પલાયન કરે છે (માનસસર પ્રત્યે), તેમ આ રાજાની અસિધારાની વર્ષાથી જર્જર થતા રાજહંસો–નૃપોત્તમો વેગે પલાયન કરી જતા. અત્ર **શ્લેષ** આ પ્રમાણેઃ રાજહંસ=પક્ષી, નૃપોત્તમ નવાંબુ=નવું જલ, તાજું પાણી (અસિપક્ષે). ધારા=પંક્તિ, તલવારની ધાર.

૧૧. વીંઝાતી તલવારથી જેનો ખેદ દૂર થયો છે એવો તે રાજાનો ભુજ પામીને, પૃથ્વીએ જાણે વિષાગ્નિભર્યા શ્વાસોચ્છ્વાસથી વ્યાકુલ થઇને, ફણીચક્રવર્ત્તી–શેષનાગની મૈત્રીનો ત્યાગ કર્યો! પૃથ્વી શેષનાગના આધારે રહી છે એવી કલ્પના છે; તે આધાર છોડી તેણે રાજાની ભુજાનો આશ્રય કર્યો, એટલે કે તે રાજા સકલ ભૂમંડલનો સ્વામી થયો.–**ઉત્પ્રેક્ષા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેખક—**આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ**

# સુખ સમીક્ષા.

**અનાદિકાળના** મોહના દબાણુને લઇને આત્મા સ્વતંત્ર બની પોતાનું સુખ સ્વરૂપ મેળવી શકતો નથી અને જડ વસ્તુઓના અનુકૂળ–પ્રતિકૂળ સંયોગ–વિયોગથી સુખ–દુઃખ માનવામાં એવો ટેવાઈ ગયો છે કે જાણે પોતે જડનું એક અંગ ન હોય ? જડના સંસર્ગને લઇને સંસારમાં ભિન્નભિન્ન સમયે ભિન્નભિન્ન દેહ ધારણુ કરીને પોતાને તે સ્વરૂપે ઓળખવામાં દૃઢ શ્રદ્ધાળુ બનવાથી પોતાના સત્ય સ્વરૂપને ભૂલી ગયો છે અને જન્મ, જરા, મરણુ, રોગ, શોક, સુખ, દુઃખ આદિનો પોતાનામાં આરોપ કરી રહ્યો છે. દેહમાં આત્મબુદ્ધિ ધારણુ કરેલી હોવાથી ક્ષણુવિનશ્વર દેહાદિ જડ વસ્તુઓના વિયોગ અને વિનાશની શંકાથી ભયભીત થઈ રહ્યો છે. કર્મસંયોગથી થએલી વિભાવદશાને લઇને એવી માન્યતા થઈ ગઈ છે કે ન ખાવાથી મરી જવાય છે અને ઇંદ્રિયોના અનુકૂળ વિષયોની પ્રાપ્તિ સિવાય સુખ તથા આનંદ જેવી કોઇ વસ્તુ નથી.

આત્મા અવિનાશી છે, જ્ઞાન, દર્શન, જીવન, સુખ અને આનંદ આત્માનું જ સ્વરૂપ છે, છતાં દારુડીયાની જેમ મોહના નશાને લઇને જ્ઞાનાદિ પોતાના ધર્મો જડમાં ખોળી રહ્યો છે, અને જડ સિવાય પોતાની ગતિ જ નથી, પોતાનો નિર્વાહ થઈ શકતો જ નથી એવી દૃઢ માન્યતાથી જડની ઉપાસના કરી રહ્યો છે. પ્રત્યક્ષ જણાય છે કે દેહ–ગેહાદિ જડ વસ્તુઓ ભિન્ન ગુણધર્મવાળી હોવાથી પોતાનાથી સર્વથા ભિન્ન છે તો પણુ તે વસ્તુઓમાં પોતાના જ સુખ, આનંદ તથા જીવન આદિ ધર્મોનો આરોપ કરી તેના ઉપર મમતા ધારણુ કરી રહ્યો છે, અને તેનો વિયોગ થવામાં પોતાને સુખ, આનંદ તથા જીવન વિહીન માનીને દુઃખી થઈ રહ્યો છે. જડ વસ્તુઓ પોતાના સ્વભાવ પ્રમાણે મળે છે, વિછડે છે, જૂની થાય છે, નિસ્તેજ થાય છે, નષ્ટ થાય છે–આ બધીએ અવસ્થાઓ જડની હોવા છતાં જડસંયોગી આત્મા પોતાનામાં આરોપ કરીને પોતાની માની રહ્યો છે. અને પોતાના સ્વરૂપથી તદ્દન અજ્ઞાત હોવાથી પોતાની સર્વોચ્ચ દશાનો જરાયે વિચાર કરતો નથી.

જેમ કૂતરો સુકું હાડકું ચાવે અને તે હાડકું તેના મોંમાં વાગવાથી તાલવામાંથી નીકળતા લોહીને ચાટીને આનંદ માને છે અને આ લોહી હાડકામાંથી નીકળે છે એવી ભ્રમણાથી હાડકાને વધારે ને વધારે ચાવે છે; તેમ સાચા સુખના સ્વરૂપથી અણુજાણુ આત્મા સુખ પોતાનામાં રહેલું હોવા છતાં પણુ જડ વસ્તુઓનો ઉપભોગ કરતાં યત્કિંચિત્ ક્ષણિક સુખનો અનુભવ કરે છે તે જડ વસ્તુમાંથી મળે છે એવી ભ્રમણાથી જડ વસ્તુઓ મેળવવામાં અને તેનો ઉપભોગ કરવામાં લીન રહે છે.

જેમ કાગડો આરિસામાં પોતાની જ આકૃતિ તથા ચેષ્ટાનો ઓળો જોઇને એમ માની લે છે કે આ કોઇ બીજો કાગડો છે અને તેની સાથે મનફાવતું વર્તન કરે છે; તેમ આત્મા જડ વસ્તુઓમાં પોતાના જ આનંદ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુખ તથા જીવનના ઓળા જોઇને આનંદ આદિ વસ્તુઓ જડમાં જ છે એમ માનીને નિરંતર જડની ઉપાસનામાં બન્યો રહે છે અને જડ વસ્તુઓથી છૂટો પડવાને ઇચ્છતો નથી. જડ વસ્તુઓ ક્ષણિક અને સંયોગ વિયોગ-વાળી હોવાથી બદલાય છે અથવા તો આત્માથી છૂટી પડી જાય છે ત્યારે સુખનો પડછાયો ન જણાવાથી આત્મા પોતાને દુઃખી માને છે.

સંસારમાં અજ્ઞાત જીવોએ જડ તથા જડના વિકારોને સુખના સાધન માન્યા છે; પણ સુખ માન્યું નથી. સુખનો ઓળો પડી શકે એવા જડના સંયોગને હમેશાં કાયમ બનાવી રાખવાને જીવો ઘણો પ્રયાસ કરે છે છતાં તેવા સંયોગો હમેશાં સરખી રીતે ટકી શકતા નથી, ઝાંખા પડી જાય છે અથવા તો બદલાઇ જાય છે. ઝાંખા પડવાથી સુખનો ઓળો પણ ઝાંખો પડે છે, અને તેથી સુખ પણ ઝાંખુ પડી જાય છે. અને બદલાઇ જવા-થી સુખનો ઓળો પડતો નથી એટલે જીવો પોતાને દુઃખી માને છે. જે જડ સંયોગમાં સુખનો ઓળો પડે છે તેને અનુકૂળ સંયોગ માને છે અને જેમાં ઓળો નથી પડતો તેને પ્રતિકૂળ સંયોગ માન્યો છે.

જડના અનુકૂળ સંયોગને સુખ અને પ્રતિકૂળ સંયોગને દુઃખ માનવામાં આવે છે. આ બંનેમાં સુખ તો કાંઇક વસ્તુ છે, પણ દુઃખ જેવી કોઇ વસ્તુ જ નથી; કારણ કે સુખ તે આત્મિક સુખનો ઓળો છે અને દુઃખ તે સુખના ઓળાનો અભાવ છે; માટે ઓળો ન પડવાથી અજ્ઞાની આત્માને થતી મુંઝવણોને દુઃખ કહેવામાં આવે છે અને એટલા જ માટે જેમ સુખ આત્મિક તથા પૌદ્ગલિક કહેવામાં આવે છે તેમ દુઃખ આત્મિક તથા પૌદ્ગ-લિક કહેવાતું નથી. મનુષ્ય અને તેના પડ-છાયામાં જેટલું અંતર છે તેટલું જ અંતર આત્મિક સુખ અને પૌદ્ગલિક સુખમાં છે. આત્મિક સુખ સાચું છે અને તે આત્માનો ધર્મ હોવાથી હમેશાં કાયમ રહેવાવાળું શાશ્વતું છે. કોઈ પણ સમયે આત્મા સુખ વગરનો હોતો નથી, એક સમય પણ આત્મા સુખ વગરનો થાય તો તે પોતાનું અસ્તિત્વ ખોઇ બેસે છે. જેમ સાકરમાંથી એક સમય પણ મીઠાશ ચાલી જાય તો તે સાકર નહિ પણ પત્થરો કહેવાય છે તેમ આત્મામાંથી સુખ ચાલ્યું જાય તો તે આત્મા નહિ પણ જડ કહે-વાય છે, અને એટલા માટે જ આત્માની ઓળખાણ સુખદ્વારા કરવામાં આવે છે, અને સુખસ્વરૂપી આત્મા કહેવામાં આવે છે. સુખનો પુંજ તે જ આત્મા છે પણ જડ નથી, તો પછી જડમાં સુખ ક્યાંથી હોઈ શકે? આત્મા એમ માને છે કે મારામાં સુખ નથી પણ જડમાં છે, આવી માન્યતા મોહનીય-કર્મના આવરણને લઇને થતી એક પ્રકારની મિથ્યા ભ્રમણા છે. જો જડ વસ્તુઓમાં સુખ હોય તો જડસંયોગી આત્મા હમેશાં સુખી હોવો જોઇએ. જડ વસ્તુઓનો સંયોગ હોવા છતાં પણ જે દુઃખ મનાવે છે તે ન થવું જોઈએ; પરંતુ સંસારી પુદ્ગલાનંદી જીવોમાં જણાય છે કે અમુક જડ વસ્તુઓના સંયોગને અનુકૂળ માની સુખ મનાવે છે અને અમુક સંયોગોને પ્રતિકૂળ માની દુઃખ મનાવે છે. તો પછી એમ માનવાને કારણ મળે છે કે કેટલીક જડ વસ્તુઓમાં સુખ છે અને કેટ-લીકમાં નથી, પણ આ બધીએ માન્યતા ખોટી છે; કારણ કે સુખ જડનો ધર્મ હોય તો પછી જડના સંયોગોમાં અનુકૂળ-પ્રતિકૂળ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણાનો ભેદ ન હોવો જોઈએ કોઇપણ પ્રકારના જડના સંયોગોથી સુખ જ થવું જોઇએ, પણ દુઃખ ન થવું જોઇએ. જેમ સાકરમાં મીઠાશ છે અને તે મીઠાશ વગરની કોઇ પણ વસ્તુમાં ભળે છે ત્યારે મીઠાશજ આપે છે પણ કડવાશ આપતી નથી તેમ જડ, સુખ વગરના કોઈપણ આત્મામાં ભળે ત્યારે સુખ જ આપવું જોઈએ; પરંતુ સંસારી જીવોની માન્યતા પ્રમાણે જેમ સુખ જડના સંયોગથી થાય છે તેમ દુઃખ પણ જડના સંયોગથી થાય છે એટલે કેટલાંક જડમાં સુખ છે અને કેટલાંક જડમાં દુઃખ છે એમ સાબિત થાય છે. જડના વિયોગથી પણ સંસારી જીવને દુઃખ થાય છે ત્યારે આત્મામાં દુઃખ છે અને જડમાં સુખ છે એમ સમજાય છે પણ તાત્વિક દૃષ્ટિથી વિચાર કરતાં આ બધુંય અસંભવિત લાગે છે; કારણ કે જેમ સુખ જડનો ધર્મ નથી તેમ દુઃખ પણ આત્માનો ધર્મ નથી પરંતુ આત્મા પોતાના ધર્મ-સુખનો જડ વસ્તુઓમાં આરોપ કરીને મોહના આવરણને લઈને અજ્ઞાનતાથી જડમાં સુખ માને છે. જો કે જડમાત્ર આત્માના ગુણોનો નાશ કરવાવાળા હોવાથી પ્રતિકૂળ જ છે છતાં આત્મા કેટલીક જડ વસ્તુઓને અનુકૂળ માને છે અને કેટલીકને પ્રતિકૂળ માને છે. અનુકૂળ વસ્તુઓનો સંયોગ અને પ્રતિકૂળ વસ્તુઓનો વિયોગ તે સુખ અને પ્રતિકૂળ વસ્તુઓનો સંયોગ અને અનુકૂળ વસ્તુઓનો વિયોગ તે દુઃખ. આ પ્રમાણે સંસારી જીવો સુખ-દુઃખની વ્યાખ્યા કરે છે અને તે સુખને મેળવવા અને દુઃખને દૂર કરવા હમેશાં પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ કોઇકિ વખત અનુકૂળ વસ્તુ પ્રતિકૂળ થઈ જાય છે અને પ્રતિકૂળ વસ્તુ અનુકૂળ થઈ જાય છે. ત્યારે જે વસ્તુનો સ્વીકાર કરતા હોય તેનો તિરસ્કાર કરે છે અને જેનો તિરસ્કાર કરતા હોય તેનો સ્વીકાર કરે છે.

ઉપર પ્રમાણે વિચાર કરવાથી સ્પષ્ટ જણાઇ આવે છે કે જડમાં સુખ-દુઃખ જેવું કાંઈ છે જ નહિ અને એટલા માટે જડ વસ્તુઓથી વિરક્ત થએલા આત્માઓને જડ વસ્તુઓનો સંયોગ સુખ, દુઃખ આપી શકતો નથી. જો જડમાં આત્માને સુખી અથવા તો દુઃખી કરવાની શક્તિ હોત તો વીતરાગદશાને પામેલા તીર્થંકરોને અષ્ટમહાપ્રાતિહાર્યાદિ લક્ષ્મી પ્રાપ્ત થવાથી પોતાને અત્યંત સુખી માનત અને મુક્ત અવસ્થામાં આ બધીએ વસ્તુઓનો વિયોગ થવાથી પોતાને અત્યંત દુઃખી માનત, પરંતુ વીતરાગદશાવાળા આત્માઓ પૌદ્ગલિક વસ્તુઓના સંયોગથી સુખી થતા નથી અને વિયોગથી દુઃખી થતા નથી પણ રાગદ્વેષનો સર્વથા ક્ષય થઈ જવાથી સમભાવે રહે છે.

સંસારી જીવોએ કલ્પેલાં સુખ-દુઃખ વાસ્તવિક નથી, કારણ કે તે બંને જડના વિકાર સ્વરૂપ છે. જેમ માણસને શરીરમાં સોજા આવવાથી ફૂલી જાય છે અને તે સ્થૂલ જણાય છે છતાં તે સ્થૂલ કહેવાય નહિ પણ રોગી કહેવાય છે. અને આ શરીરની સ્થૂલતા તે વિકૃતિ છે પણ પ્રકૃતિ નથી તેવી જ રીતે બાગ, બંગલા, વસ્ત્ર, ઘરેણાં આદિ વસ્તુઓ વિકાર ભાવને પામેલા પુદ્ગલો છે, કે જેની આકૃતિઓને આશ્રયીને સુખ-દુઃખ માનવામાં આવે છે તે ભિન્ન આકૃતિમાં બદલાઈ જવાથી તેમાંનું કશુંયે હોતું નથી.

સુખને કોઈ પણ ઇંદ્રિય ગ્રહણ કરી શકતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી તેમજ કલ્પનામાં પણ આવી શકતું નથી, અને જે ઈંદ્રિયોથી અને મનથી ગ્રહણ થાય છે તે સુખ નથી; કારણ કે સુખ એટલે આત્મા અને તે અરૂપી હોવાથી ઈંદ્રિયોથી ગ્રહણ થઈ શકતો નથી. આત્મા નિરાવરણ જ્ઞાનદ્વારા પોતાના સુખસ્વરૂપને જાણી શકે છે. તે સિવાય આવરણવાળા જ્ઞાનથી આત્મસ્વરૂપ સુખ આદિ અરૂપી વસ્તુઓ ગ્રહણ થઇ શકતી નથી. આવરણવાળા જ્ઞાનથી જાણવાને જડ વસ્તુઓની મદદ લેવી પડે છે. અને જડની મદદથી રૂપી જડ વસ્તુઓનું પ્રત્યક્ષ જ્ઞાન થાય છે. અને અરૂપી જડ તથા ચૈતન્ય અનુમાનથી જણાય છે, પણ સાક્ષાત્કાર થઈ શકતો નથી. આત્માને જે દુઃખના પરિણામે સુખ અને દિલગીરીના પરિણામે આનંદ થાય છે તે સુખ તથા આનંદ વાસ્તવિક નથી; કારણ કે દુઃખના સાથે રહેવાવાળું સુખ અને દિલગીરીના સાથે રહેવાવાળો આનંદ તે પુદ્ગલોનો વિકાર છે અને તે વિકારવાળા પુદ્ગલોની સાથે આત્માનો સંયોગ હોવાથી આત્માને સુખ–દુઃખની માત્ર ભ્રમણા જ થાય છે. સુખ, દુઃખ, દિલગીરી, આનંદ આ બધીએ પુદ્ગલોની અવસ્થાઓ છે પણ આત્માનું સ્વરૂપ નથી, સંસારી જીવની માત્ર કલ્પના જ છે. આ પ્રમાણે વિચાર કરવાથી સ્પષ્ટ જણાય છે કે વાસ્તવિક સુખ ઇંદ્રિયાતીત છે અને તે આધિ, વ્યાધિ, ઉપાધિ, જન્મ, જરા, મરણ આદિથી મૂકાઇ જવાથી પ્રગટ થાય છે. સાચા સુખના વિકાસી આત્માને 'હું દુઃખી હતો તે હવે સુખી થયો, મને બહુ જ શોક રહેતો હતો, બહુ જ દિલગીરી રહેતી હતી, ઘણી જ બેચેની રહેતી હતી, પણ હવે હું આનંદમાં રહું છું' આવી આવી સ્ફુરણાઓ થતી જ નથી.

સાચું સુખસ્વરૂપ જે આત્મામાં પ્રગટ થએલું હોય છે તેને કોઇ પણ જડમાં અનુકૂળતા–પ્રતિકૂળતા હોતી નથી–ભલે પછી તે જડ વસ્તુઓને ઈંદ્રિયોથી ગ્રહણ કરતો હોય કે ઈંદ્રિયોની મદદ વગર પ્રત્યક્ષ કરી શકતો હોય; પરંતુ જડના વિકારસ્વરૂપ સુખ, દુઃખ તેને થઈ શકતા નથી. અનેક પ્રકારના જડના સંયોગોમાં તેની સામ્ય અવસ્થા જ રહેવાની, સંસારમાં હોવા છતાં પણ પોતાને મુક્ત સ્વરૂપ જ માનવો અને સંસારમાં ઘણું જ દુઃખ ભોગવી રહ્યો છું માટે અહીંથી છુટી જઇને મુક્તિ મેળવું તો સુખી થાઉં આવી કલ્પના સરખીએ તેને નહિ થવાની; કારણ કે સંસારમાં જે આત્મા સાચું સુખસ્વરૂપ પ્રગટ કરી શકતો નથી તે મુક્તિમાં પણ સુખ મેળવી શકતો નથી. સાચું સુખસ્વરૂપ પ્રગટ થયા પછી આત્માને સંસારમાં અનેક પ્રકારના જડના સંયોગોમાં પણ પોતાની અલિપ્ત મુક્ત દશા અનુભવાય છે એટલે પછી પોતાને મુક્તસ્વરૂપ જ જુએ છે.

સાચા સુખના સ્વરૂપનો વિચાર કરતાં અનુભવ એમ જણાવે છે કે જડ વસ્તુઓમાંથી જેટલે જેટલે અંશે રાગ, દ્વેષ ઓછા થતા જાય છે તેટલે તેટલે અંશે આત્માનું સુખસ્વરૂપ પ્રગટ થતું જાય છે અને તે સમ્યગ્જ્ઞાન સિવાય થઈ શકતું નથી. સમ્યગ્જ્ઞાન થયા પછી જ જડ વસ્તુઓ ઉપરથી રાગ દ્વેષની ઓછાશ થતી જાય છે. મિથ્યા જ્ઞાન જડ વસ્તુઓમાં રાગ–દ્વેષ વધારતું હોવાથી સુખનો વિકાસ કરી શકતું નથી. મિથ્યા જ્ઞાનથી મિથ્યા સુખ થાય છે, અને સમ્યગ્જ્ઞાનથી સાચું સુખ અનુભવાય છે. રાગદ્વેષ સર્વથા ક્ષય થઈ જવાથી સંપૂર્ણ સુખસ્વરૂપનો વિકાસ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેખકઃ-મુનિશ્રી હંસસાગરજી મહારાજ.

# પ્રભુ મહાવીરે મોહમસ્ત જગતને ત્યાગધર્મ જ કેમ આપ્યો ?

[ એક ધર્માત્માની કરુણ આત્મકથા. ]

( ગત વર્ષના પૃષ્ઠ ૩૧૧ થી શરૂ )

### विद्या परं दैवतम्

જગતમાં મનુષ્યો ઇષ્ટ પદાર્થોની પ્રાપ્તિ માટે અનેક પ્રયત્નો કરવા છતાંય જ્યારે નિષ્ફલ નીવડે છે ત્યારે લોભાભિભૂત બનેલા તેઓ અર્થકામના પ્રગટ ઉપાસક એવા પણ જોગી, જતિ, જોષી અને બ્રાહ્મણાદિકની પણ ઉપાસના કરતા અનુભવાય છે. ઉદરંભરીઓની ઉપાસના કેવળ સ્વપર હિતસાધક જ છે એમ સાફ સમજનારા પણ લોભાંધો એમાં જોડાય છે; આનું કારણ એક જ છે કે એવાઓ પાસેથી પણ કોઇ વિશિષ્ટ યંત્રતંત્રાદિ મળી જાય તો તેની સાધનાદ્વારા કોઇ દેવને સાધી લઇએ તો ભવની ભૂખ જાય, આવી લાલચ હોય છે. એવાઓને એ પણ ખ્યાલ નથી રહેતો કે સ્વયં અર્થલોલુપી એવા એ જોગી કે જોષીઓ સિદ્ધ યંત્રતંત્રાદિ ધરાવતા હોત તો પોતે જ કંગાળ શું કામ રહે? કૂડાં પ્રલોભનોથી જગતને વંચીને તેઓ પાપે જ પેટ શું કરવા ભરે? ખરેખર, લોભ એ એવો પ્રબળ શત્રુ છે કે તે એને આધીન બનેલાના સમસ્ત ગુણોનો નાશ કરીને અગુણીનોય આદર કરાવે છે! નીચનેય નમાવે છે! કૃપણુનીય ઉપાસના કરાવે છે! કૃતઘ્ની પણ સેવા ઉલટભેર કરાવે છે! કહ્યુ છે કે—

यद्दुर्गामटवीमटन्ति विकटं क्रामन्ति देशान्तरं,
गाहन्ते गहनं समुद्रमतुलं क्लेशां कृषिं कुर्वते ॥
सेवन्ते कृपणं पतिं गजघटासंघट्टदुःसञ्चरं,
सर्पन्ति प्रधनं धनान्धितधियस्तल्लोभविस्फूर्जितम्
॥ २६ ॥

**અર્થઃ**—" ધનના લોભે અન્ધતાને પામી છે બુદ્ધિ જેની એવા લોભાંધો જે ભયંકર એવી અટવીમાં ભટકે છે, આચારવિચારથી પર એવા જીવન વિકારી દેશાન્તરોમાં ગમન કરે છે, દુર્ગમ એવા ગાઢ સમુદ્રમાંય પ્રવાસ કરે છે, અત્યંત કલેશમયી ખેતી કરે છે, કૃપણુ સ્વામીને પણ સેવે છે, હસ્તિઓના મોટા સમૂહનાં પરસ્પર સંઘટ્ટનને લીધે દુઃખે કરીને સંચરી શકાય એવા ઘોર સમરાંગણમાં પણ ધસે છે!!! એ સઘળી ખરેખર લોભનીજ ચેષ્ટા છે." એથી પણ આગળ વધીને લોભી જન શું શું કરે છે તે શાસ્ત્રકાર સ્વયં ફરમાવે છે કે—

---

**આત્મા મિથ્યા જ્ઞાનને લઈને જડ વસ્તુઓમાં સુખદુઃખનો આરોપ કરે છે જેથી કરીને જડ વસ્તુઓની અસર આવરણવાળા આત્મા ઉપર થવાથી રાગદ્વેષની વિકૃતિ ઉત્પન્ન થાય છે કે જેના અંગે આત્માને મિથ્યા સુખદુઃખનો આભાસ થાય છે. આ સુખદુઃખ ક્ષણિક અને વિકૃતિજન્ય હોવાથી જ મિથ્યા કહેવાય છે અને વાસ્તવિકમાં વિચાર કરીએ તો મિથ્યા સુખદુઃખ જેવી કોઇ વસ્તુ જ નથી. ક્ષણિક અને વિકૃત સ્વભાવવાળી જડ વસ્તુઓમાં આત્માની સ્વત્વપણાની બુદ્ધિ તે દુઃખ અને તે દુઃખમાં પોતાના સુખસ્વરૂપનો આરોપ કરવાથી આભાસ થતો ઓળો તે સુખ, આ સિવાય પુદ્‌ગલોમાં કોઈ પણ પ્રકારનું સુખ, દુઃખ છે જ નહિ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**नीचस्यापि चिरं चटूनि रचयत्यायान्ति नीचैर्नतिं,**
**शत्रोरप्यगुणात्मनोऽपि विदधत्युच्चैर्गुणोत्कीर्त्तनम्॥**
**निर्वेदं न विदन्ति किंचिदकृतज्ञस्यापि सेवाकृते,**
**कष्टं किं न मनस्विनोऽपि मनुजाः कुर्वन्ति वित्तार्थिनः**
**॥ २७ ॥**

**અર્થ**:—"નીચને પણ મધુર–સ્નેહભીનો આદર આપે છે; એટલું જ નહિ પણ એવાને પણ અત્યંત નીચો નમી નમન કરવા મંડી જાય છે. શત્રુ અને ગુણહીન એવા આત્માઓના પણ ઉત્તમ રીતે ગુણ-ગાન કરે છે. કૃતઘ્નની સેવામાં અલ્પ ખેદ ધરતો નથી અર્થાત્ એમાં આનંદ પામે છે. ખરેખર વિદ્વાન પણ મનુષ્યો વિત્તાર્થી બન્યા પછી તો જગતમાં કોઇપણ કષ્ટ એવું નથી કે જે તેઓ આદરતા નથી." આથી જ એ ભયંકર વૈરી સમા લોભને શાસ્ત્રકારોએ અનેક વિશેષણોદ્વારા સર્વ ગુણોનો નાશ કરનારો પણ જણાવ્યો છે. જુઓ, કહ્યું છે કે–

**निःशेषधर्मवनदाहविजृम्भमाणे,**
**दुःखौघभस्मनि विसर्पदकीर्तिधूमे ॥**
**बाढं धनेन्धनसमागमदीप्यमाने,**
**लोभानले शलभतां लभते गुणौघः ॥२८॥**

**અર્થ**:—"દાન, શીલ, તપ અને ભાવાદિ સમસ્ત ધર્મરૂપી વનને વિષે દાહ ફેલાવતા, દુઃખોના ઢગલારૂપ ભસ્મવાલા, અપકીર્તિરૂપ ધૂમ્રને ચોમેર વિસ્તારતા અને જેમ જેમ ધનરૂપી ઇન્ધિનો જોડાતાં જાય તેમ તેમ વિશેષ પ્રદીપ્ત થનારા લોભરૂપ અગ્નિને વિષે ધૈર્ય, ગાંભીર્ય, ઔદાર્ય, લજ્જા, વિનય, વિવેક, સત્ય, ઔચિત્ય, દયા, શીલ, તપ તેમજ મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થાદિ સમસ્ત શુભ ભાવનારૂપ ઉમદા ગુણોનો સમૂહ પતંગીયાપણાને પામે છે–અર્થાત્ તે તે સમસ્ત ગુણો લોભરૂપ અગ્નિમાં બળી ભસ્મીભૂત થાય છે." અને એમ જ હોવાથી તો લોભાંધો ધૂર્ત્ત અને પ્રપંચી એવા સ્વાર્થપટુના પણ પ્રલોભનોથી અંજાઇને એનાં કથનો અવિતથ માને છે. પરિણામે એવાના જ ઉપાસક બની જતા પણ અનુભવાય છે. મજા પણ એને એવાની સેવામાં જ પડે છે. કહ્યું છે કે—

**मुग्धश्च लोकेऽपि हि यत्र मार्गे,**
**निवेशितस्तत्ररतिं करोति ॥**
**धूर्त्तस्य वाक्यैः परिमोहितानां,**
**केषां न चित्तं भ्रमतीह लोके ॥२९॥**

**અર્થ**:—" ખરેખર લોક એવો ભોળો છે કે તે જે માર્ગમાં પેઠો તે માર્ગમાં જ આનંદ માને છે. વિદ્વાનો કહે છે કે–પણ એ વાતમાં અમોને કશું જ આશ્ચર્ય થતું નથી; કારણ કે આ લોકમાં ધૂર્ત્તનાં વાક્યોવડે ચોતરફથી મુંઝાયલા એવા કોનું ચિત્ત ફરતું નથી ? અર્થાત્ ભોળા લોકને ધૂર્ત્તજનો સમાગમ થવાની સાથે જ ફૂટ વાગ્જાળથી એવો તો ઝકડી લે છે કે મુગ્ધલોક એ ધૂર્તોનું જ ગાયું ગાય છે–કારણ કે મનના મલિન છતાં તેઓ બહારથી તો મહાન્ વૈરાગી જેવું જ સ્વરૂપ બતાવી, વાકપટુતાદ્વારા લોકોનાં મન રંજન કરી, ભોળા લોકને પોતાને આધીન કરી લેવામાં અતિ નિપુણ હોય છે. કહ્યું છે કે—

**ये लुब्धचित्ता विषयार्थभोगे,**
**बहिर्विरागा हृदि बद्धरागाः ।**
**ते दाम्भिका वेषधराश्च धूर्त्ताः,**
**मनांसि लोकस्य तु रञ्जयन्ति ॥ ३० ॥**

**અર્થ**:—" જેઓ વિષયાર્થભોગમાં લુબ્ધમના હોવાથી હૃદયને વિષે તો રાગે કરીને બદ્ધ રહીને બહારથી વૈરાગ્યતાનો દેખાવ કરનારા છે તેઓ દાંભિકો છે, ખાલી વેષને જ ધરનારા છે અને ધૂર્ત્તો છે, આવાઓ લોકોના મનને તો ખુશ ખુશ કરી નાખે છે ! " લોભાંધો પણ એથી એમને જ સર્વગુણી માનીને સેવ્ય પણ એવાને જ માને એમાં આશ્ચર્ય પણ શું ? એવા જોગી, જતિ, જોષી કે બ્રાહ્મણાદિ પાસે પણ માનો કે કવચિત્ કોઇ અપૂર્વ પૂર્વર્ષિસમર્પિત જડી, બુટ્ટી કે મંત્રતંત્રાદિ હોય અને તે વસ્તુ એવાની સતત સેવા કરનારને પ્રસન્ન થઇને એમણે આપી પણ ખરી, છતાંય આમ્નાયની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જરૂર બાકી જ રહે છે. આમ્નાય વિના એ વસ્તુ ફળે શી રીતે? એવાને પૂર્વર્ષિઓ જો કે એવી વસ્તુ આપે એ જ અસંભવિત હોવા છતાંય માનીએ કે કોઇ કારણે તે પણ આપી, અયોગ્યને આમ્નાય આપતાં તો તેઓ ખચિત સંકોચાય; કારણ કે આમ્નાયપૂર્વકનાં યંત્રતંત્રાદિ અયોગ્યના હાથમાં જઈ ચડે તો કયો અનર્થ એવો છે કે એ આદરતાં તેવાઓ ખચકાય? આમ છતાંય માનો કે કોઇ સંયોગવશાત્ આમ્નાયપૂર્વકનાં પણ મંત્રતંત્રાદિને તેવા ધૂર્તો ધરાવતાય હોય અને તેઓના ઉપાસકને તેમણે આપ્યાં પણ ખરાં, પણ લેનારનું ભાગ્ય ઊલટું જ હોય તો એની સાધના વખતે એ મંત્રતંત્રાદિના અધિષ્ઠિત એવા કોઇ દેવની પરીક્ષામાં—કસોટીમાં તે નિર્બળ નીવડે અને તે દેવ પ્રકોપે તો લેવાના દેવા કાં ન થાય? અર્થાત્ હતી એ હાલત બરબાદ થવાનો મહાન્ ભય તો શિરે ઝઝુમે જ છે. આમ છતાંય માનો કે દૈવયોગે દેવની પરીક્ષામાં પણ તે પસાર થયો અને દેવ પ્રસન્ન પણ થયો, અને કહે કે માગ! માગ! એ વખતે અભણ માગે શું? કેટલુંક માગે? કેવું માગે? કહેવું જ પડશે કે 'શું માગું?' એ વિચારમાં સ્થંભાઈ જાય અને કિંચિત્ જોર કરે તો ઊલટું જ માગે. માટે એ વખતે તો બુદ્ધિની જ ખાસ જરૂર પડે છે. એ ઉપર એક લૌકિક ઉદાહરણ લઇએ.

## મોચીનું દૃષ્ટાંત.

"પૂર્વે અજ્ઞાન લોકોમાં એવો ભ્રમ રૂઢ થએલો કે જે જે આત્માઓ દુઃખી હોય તેઓ કાશી (વાણારસી)એ જઇને કૂવાને કાંઠે ઊભા રહી ગરદન કૂવામાં નમતી રાખીને જે વસ્તુ પોતાને ઇષ્ટ હોય તે ભવાન્તરમાં પ્રાપ્ત થાય એમ ઇષ્ટદેવ પાસે માગણી કરે અને પછી ગરદન ઉપર કરવત મૂકાવીને ધડથી ગરદનને જુદી કરાવે તો ભવાંતરમાં તે વસ્તુઓ ખચિત પ્રાપ્ત થાય છે." આથી ભરમાઇને અજ્ઞ દુઃખિત લોકો કાશીએ કરવત મૂકાવીને કિંમતી માનવજીવનનો પણ અંત આણતા. એનું નામ 'કાશીએ કરવત મૂકાવી' એમ કહેવાતું. આવો પ્રાણઘાતક ભયંકર પાપભ્રમ પણ એવા દાંભિક ધૂર્તોએ જ ફકત ઉદર ભરવા ફેલાવેલો એ પાખંડીઓને જેવું કુળ એવાં એ કરવત મૂકવાનાં. એ કુળ પાસેથી નાણાં મળતાં. ઓછો સીતમ છે? પાપાત્માઓને અકર્તવ્ય કશું જ હોતું નથી. અજ્ઞલોકની પણ પ્રાયઃ ગાડરીયા પ્રવાહ સમ ગતિ હોય છે. તદનુસાર એક મોચી પણ અત્યંત દુઃખથી પીડાતાં એકદમ સુખી થઇ જવાના વિચારમાં ચડ્યો. એને એ કાશીની કરવત યાદ આવી. ઘેરથી તત્કાલ રવાના થઇ કાશીએ આવીને કરવત મૂકાવવા ડોક નમાવી કૂવાને કાંઠે ઊભો અને વિચારવા લાગ્યો કે ભવાંતરમાં કયો ભવ માગું કે જેથી દુઃખ સદાયને માટે દૂર થાય અને ખૂબ સુખી થાઉં? બહુ વિચારતાં એને તો દરેક જ જાતિમાં દુઃખ જ ભાસ્યું અને તે ત્યાં સુધી કે દરેક જાતિ કરતાં મારી જ જાતિ સુખી છે. પ્રથમ તો એમણે માની રાખેલી ઊંચી એવી બ્રાહ્મણ જાતિ માગવાનો વિચાર કર્યો. તેમાં ઘેર ઘેરથી અહર્નિશ પ્રાયઃ તાજી ટંકાવેલી ઘંટીનો જ આટો, એક ફૂટલાં માટલામાં ઘણા વખતનો ભરી રાખેલો અને મીયાંગોળીની માફક પ્રાયઃ એદાજુદા હાથે જ મળતો હોવા છતાં પણ વ્યક્તિ દીઠ માત્ર એકેક જ ચપટી અને તે પણ અનાદરપૂર્વક માગી લાવીને પેટ ભરવાના પ્રસંગે એને અકળાવ્યો, અને એથી એ વિચારથી તો સહસા વિરમ્યો; કારણ કે પોતાની જાતિમાં તો પોતાને જે કાંઇ મળતું તે જાતમહેનતનું, તાજે તાજું, ચોખ્ખું અને માનભેર મળતું. વણિક જાતિમાં ઉત્પન્ન થવાની માગણીથી પણ એમ જ વિરમ્યો; કારણ કે એ જાતિમાં કૂડકપટથી કરાતાં સવાયાં દોઢાંનાં પણ દોઢાં બમણાંની છેતરપીંડીદ્વારા પાપે પેટ ભરવાનું જ એને લાગ્યું. ક્ષત્રિય જાતિમાં તો રાજવી હોય તો રાજ્યખટપટને લીધે ભાઇભાઇને, પિતાપુત્રને અને માદીકરીને પણ કવચિત્ માથાં કાપવાનું વૈર હોય છે તે એની દૃષ્ટિ સામે ખડું થતાં કંપ્યો. એને એમ જ લાગ્યું કે આ તો આખુંય જીવન ઝેરવેરવાળું હોઇ પૂરતું ભયમાં. દિવસના ચોવીશે કલાક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચિંતા, એમાં નીરાંતે ઉંઘાય નહિં. ઘરથી બહાર ગયેલો જીવતો આવે તો મહદ્ ભાગ્ય ! એ જાતિમાં જઈને કરું શું ? એમાંનો કોઈ નબળો હોય તો પણ એના જીવનપ્રસંગો જ કાંટાળાં ! જેવાં કે લૂંટફાટ, મારામારી, ખુનશભરી આંખે નિત્યના ટંટાફીસાદ વિગેરે એની નજરમાં તરવર્યાં. મીંયાંના ખચ્ચર જેવાં ઘોડાંનેય જેમ 'ટારડું' ન કહેવાય તેમ તેમાં પણ બાપુની ઘરડી ભેંસનેય ભૂલેચૂકે પણ જો 'ડોબૂં' કહેવાયું તો તો બારજ વાગ્યા. એ જાતિમાંની આ સ્થિતિ એને ભારી ખટકી હોવાથી એ માગણીથી પણ એ વિરમ્યો. હવે રહી વાત ક્ષુદ્ર જાતિની. અને એનાથી સ્વતઃ ઉતરતી હોવાથી એનો તો વિચાર જ માંડી વાળ્યો. પણ હવે માંગવું શું ? એ વિચાર ખૂબ ઉથલાવતાં અને એમાં ઊંડો ઊંડો ઉતરી જતાં એને એક ઉપાય સૂઝી આવ્યો. અને તે એ કે—વૈશ્ય જાતિમાં પણ મારી જેમ કણબી, કુંભાર, લુહાર, સુતાર, હજામાદિ અનેક જાતિઓ છે માટે હવે તેને પૃથક્ પૃથક્ નીહાળું. તેમાં કણબીની જાતિમાં મહામહેનતને ભોગે મોટા પાપારંભમય ખેતીવાડીનું કૃત્ય એને પોતાના કરતાં ઘણું જ તુચ્છ ભાસ્યું. કુંભાર જાતિમાં અહર્નિશં ન્હાયાધોયા વિનાનું રહેવું, કાદવકીચડવાળા પહેર્યાં ફાટલતુટલ કપડાં સહિત અઘોરીની માફક ઊંઘવું, સવારમાં આંખો ચોળતો ઊઠે કે તુરત ગધેડાંનાં દર્શન કર્યા બાદ સર્વ ગધેડાં ખોળીને એકઠાં કરવાં, એની ઉપર પૂરાણાં આથર લાદીને તે ઉપર કાથાનાં ચાલકાં નાંખીને કોદાળીપાવડો ખંભે નાખી ગધેડાંના ગોવાળ બની ધૂળખાણે જવું. હાથોહાથ માટી ખોદી ચાલકામાં ભરવી, ઘેર આણીને તે માટીનું ગારીયું કરવું, ખૂંદવું, એનાં ઈંટો કે વાસણાદિ બનાવવાં, એ પછી પણ પાપના ખજાનારૂપ નીભાડામાં તેને ખડકીને નીભાડો ચોમેરથી સળગાવવા જેવું ભયંકર પાપ કરવું, એ પછી જ એ ઈંટો કે વાસણો પાકે અને તે પણ ઉધાર દીધા પછી એનાં નાણાં આવે ત્યારે પણ એ માંડ માંડ રોટલો, મરચાંની ચટણી અને માગ્યા ઘરની છાશ પામે ! આવું આનું પણ વિકટ જીવન એને બીલકુલ ન રૂચ્યું. એ મુજબ લુહાર, સુથાર અને હજામાદિ જાતિની પણ સ્થિતિના તલસ્પર્શી વિચારોમાં એ ઉપર્યુક્ત રીતે જ મુંઝાયો ! અકળાયો ! કિં બહુના ? અન્તે તે પોતાની જ જાતિમાં સર્વોત્તમ સુખના નીરધાર ઉપર આવ્યો અને કરવત મૂકનાર સામે જોઈ ઉલટભેર કરવત મૂકાવવા બોલી ઊઠ્યો કે 'મેલ કરવતીયા કરવત, મોચીડો ને મોચીડો' કહો ભાગ્યવાન્ ! આ અક્કલહીન એવા અભણ મોચીડે દેવ પાસે પણ શું માગ્યું ? એની માગણીમાં છે કાંઈ માલ ? ઈષ્ટદેવને પ્રસન્ન કરી મનગમતું મેળવવા જાન આપવા જેવી જબરી જહેમત ઉઠાવીને પણ જો મોચીપણું જ માંગવું હતું તો મર્યો શું કામ ? મોચીડો તો હતો જ ! પણ એ બધું કોણ વિચારે ? મતિમાન્ કે મતિહીન ? માટે જ કહ્યું કે કદાચ દેવ પ્રસન્ન પણ થયો છતાંય જો માંગનાર બુદ્ધિનો માલીક ન હોય તો, હોય તે પણ ગુમાવે અને કવચિત્ જીવનો પણ જાય; માટે જ તેવે પ્રસંગે તો વિદ્યાની જ ખાસ જરૂર છે. વિદ્યા ભણી વિચક્ષણ થયા સિવાયનો આત્મા પૂર્ણ લાભના પ્રસંગોનેય ભારી નુકશાનીમાં પલટાવી નાખતાં વાર લગાડતો નથી. આથી એ ચોક્કસ છે કે—વિશિષ્ટાત્મા પ્રસન્ન થયે છતે પણ યાચકને વિશિષ્ટ યાચના કરવાનો માર્ગ તો વિદ્યાદેવી જ દેખાડે છે ! અને એથી તો સૂત્રકારોએ પણ **'विद्या परं दैवतम्'** કહીને એ પદદ્વારા વિદ્યાને જ સહુથી મહાન્ દેવ કહ્યો છે !

ચાલુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[ લેખકઃ—મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ]

# વિચારરાશી અને વચનામૃતના વાકયો.

( ગતાંક પૃષ્ઠ ૧૦ થી શરૂ )

( ૧૨ )

મૂર્ખાઓના વિચારો સાંકડા અને અજ્ઞાનથી ભરપૂર છે. મૂર્ખાઓ વિદ્વાનો માટે ગમે તેવો અભિપ્રાય બાંધે તેથી વિદ્વાનોએ ડરી જવું નહિ. લાખો નિરક્ષર અભણ મનુષ્યોના અભિપ્રાય કરતાં એક તત્ત્વજ્ઞાની મહાત્માના અભિપ્રાય ઉપર લક્ષ્ય આપવું. મૂર્ખાઓની વાહવાહથી અને તેઓની ભક્તિથી તમે પોતાને મહાન્ ધારશો નહિ. જ્ઞાનીનો અભિપ્રાય અમૂલ્ય છે. રાગ, દ્વેષ, સાંકડી દૃષ્ટિ, મમત્વ, નિન્દા, કલેશ અને વૈર આદિ દુર્ગુણો જેનામાં છે તેવા મૂર્ખાઓ પોપટની પેઠે ભલે ભણી ગયા હોય પણ તેઓનું હૃદય ઉચ્ચ હોતું નથી. તેઓના વિચાર પ્રમાણે ચાલનારાઓ દુઃખથી મુક્ત થતા નથી.

( ૧૩ )

ધર્મી બનવા પહેલાં મનુષ્ય બનો. મનુષ્યપણું સદ્ગુણો વિના કહી શકાતું નથી. દરેક બાબતનો વિચાર કરો. પોતાની અક્કલ ઘરાણે મૂકીને અન્યની અક્કલના દોરાયા ચાલીને પશુ સમાન ન બનો. તમારી અક્કલ કોઇ પણ પ્રકારે કોઇ વસ્તુનો નિશ્ચય કરવા સમર્થ ન થાય ત્યારે તમે જ્ઞાની ગીતાર્થના વચન પર વિશ્વાસ રાખો, પણ સામાન્ય અક્કલવાળા કંઈ કહે તે ઉપર એકદમ અભિપ્રાય બાંધશો નહિ. કોઈ પણ બાબતનો અભિપ્રાય બાંધતાં પહેલાં ચારે બાજુઓથી તપાસ કરશો, મુદ્દત લંબાવશો, ધીરજ રાખશો પણ એકદમ મનમાં આવે તે પ્રમાણે કરી દેશો નહિ. પરીક્ષાપૂર્વક તત્ત્વને ગ્રહણ કરશો.

( ૧૪ )

કોઈ પણ મનુષ્ય સંબંધી અભિપ્રાય બાંધતાં પૂર્વે પૂર્ણ વિચાર કરશો. અધૂરાને કોઇ પણ બાબતનો અભિપ્રાય આપવાને હક્ક નથી. અધૂરાને પરીક્ષાનો હક્ક નથી. અધૂરાની દૃષ્ટિ અધૂરી હોય છે તેથી તે કોઈ પણ બાબતનું પૂર્ણ સ્વરૂપ વિલોકી શકતો નથી. અધૂરાની પણ પરીક્ષા કરવી તે પણ વિચારવા યોગ્ય છે.

( ૧૫ )

હજારો મૂર્ખ, કલેશી અને અવિનયી શિષ્યો કરતાં જ્ઞાની, સદ્ગુણી અને વિનયી એક શિષ્ય સારો. શિષ્યના ધર્મ સમજ્યા વિના શિષ્ય થવાનો અધિકાર નથી. શિષ્યનો ધર્મ સમજ્યા વિના શિષ્ય થવું તે એક ગુન્હો છે. ગુરુનો ધર્મ સમજ્યા વિના ગુરુ થવું તે પણ એક જાતનો ગુન્હો છે.

( ૧૬ )

કોઇ પણ પદવી યોગ્ય લેતાં પહેલાં તેના ગુણો પ્રાપ્ત કરવા જોઈએ. પદવીને પ્રાપ્ત કરીને મલકાશો નહિ કિન્તુ સ્વપરની ઉન્નતિ કરવામાં પ્રવૃત્તિ કરો. ઇર્ષ્યા એ અવનતિનું મૂળ છે. જે મનુષ્ય અન્યને ખાડામાં પાડવા પ્રપંચો રચે છે તે પોતાને હાથે ખાડામાં પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૧૭ )

પોતાની નિન્દા અને સ્તુતિ તરફ બહેરા બનશો. તમારું સ્વર્ગ તમારા આત્મામાં છે અને નરક પણ તમારા આત્મામાં છે. મતલબ કે તમારો આત્મા ઉચ્ચ થશે તો સ્વર્ગમાં જશો અને તમારો આત્મા દુર્ગુણોથી નીચ બનશે તો નરકમાં જશો.

( ૧૮ )

લક્ષ્મીવંતોને લક્ષ્મીથી માન મળતું નથી પણ લક્ષ્મીના ત્યાગથી માન મળે છે. કોઈ પણ સ્થાનમાં લક્ષ્મી વાપર્યા વિના અથવા વાપરશે એવું જાણ્યા વિના લક્ષ્મીવન્તને કોઈ માન આપતું નથી. ખરી લક્ષ્મી તમારા આત્મામાં છે અને જૂઠી લક્ષ્મી તમારી આંખ આગળ છે. જૂઠી લક્ષ્મીના દાસ બનવા માટે મનુષ્યજન્મ નથી, પણ ખરી લક્ષ્મીના સ્વામી બનવા માટે મનુષ્યજન્મ છે.

( ૧૯ )

તમે તમારી જે કિમ્મત ઠરાવો છો તેના કરતાં અધિક કિમ્મત કોઈ કરશે નહિ. તમારી વૃત્તિ જેવા તમે થશો, તમારૂં ભવિષ્ય વર્ત્તમાનમાં તમે રચો છો, તમારા ભવિષ્યના નશીબના તમે વર્ત્તમાનમાં સ્વામી છો.

( ૨૦ )

આત્મવિશ્વાસ એ જ સુખનું મૂળ છે. તમારું હૃદય જેવું છે તેવા તમે છો. દુનિયાના કહેવા ઉપર આધાર રાખશો નહિ. તમારી પરીક્ષાનો દુનિયાને શો હકક છે. તમારી પરીક્ષા તમે જાતે જ કરી શકો છો.

( ૨૧ )

જે લખો તે દુનિયાના ઉદ્ધાર માટે લખો. દુનિયામાં સર્પની જિહ્વા ધારણ કરો નહિ. રાક્ષસી વિચારો કરો નહિ. મોટા સદ્દગુણોથી મહાન્ થવાય છે, પણ કોઈનો નાશ કરીને કદી મહાન્ થવાના નથી.

( ૨૨ )

સદાકાળ નિર્ભય રહો. નિર્ભય આત્મા સર્વત્ર અભયને દેખે છે. અભયરૂપ તમે છો. શા માટે ભયના વિચારો કરી દુઃખી થાઓ છો ? હું દેહ નથી, મન નથી પણ પરબ્રહ્મ છું, મને કોઈ જાતનો ભય નથી એવી ઉત્તમ ભાવના ભાવો. ગામડાઓમાં ભીતિનાં ચિહ્ન બતાવતાં શેરીઓનાં કૂતરાં ભસે છે અને અન્યોને શંકા પડે છે. નિર્ભયતામાં દુઃખનું સ્વપ્ન છે.

( ૨૩ )

કોઈ પણ જાતના કુવ્યસનથી સદંતર દૂર રહેવું અને આપણી આસપાસના સ્વજનાદિને એથી દૂર રહેવા પ્રીતભરી પ્રેરણા કર્યા કરવી.

( ૨૪ )

માયા-કપટ તજી, સરલતા આદરી, મન, વચન અને કાયાની શુદ્ધિથી સ્વ-પર હિતરૂપ થાય તેવાં કાર્ય કરવાં-કરાવવાં.

( ૨૫ )

તૃષ્ણાવાળા ઈન્દ્રને પણ સુખ નથી.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પતિવ્રતા સ્ત્રીઓનો ધર્મ અને લક્ષણો.

સ્ત્રીઓનું ખરું ભૂષણ શીલપણું છે. શાસ્ત્રોમાં જે જે મહાસતીઓનાં વૃત્તાંતો આવે છે તે પતિવ્રતાપણાની કસોટીમાંથી પ્રાણાંતે પસાર થયેલ હોય છે, તેથી જ તેવી પતિવ્રતા સ્ત્રીઓ પ્રાતઃકાળમાં સ્મરણીય થઈ પડે છે. પચીશેંહ વર્ષ ઉપર થયેલ પતિવ્રતા સ્ત્રીઓ કે જેઓના નામો સુવર્ણાક્ષરે શાસ્ત્રોમાં લખાયેલ છે તેવા પ્રભાવિકપણાના દૃષ્ટાંતો ભલે હાલ ન મળી શકે પરંતુ વર્તમાનકાળમાં પતિવ્રતા સ્ત્રીઓ હોઈ શકે છે. તેવી આદર્શ સ્ત્રીઓના સામાન્ય લક્ષણો શું હોય છે તે બતાવવાનો આ લેખ લખવાનો હેતુ છે.

પતિવ્રતા સ્ત્રીનું પ્રથમ લક્ષણ પોતાની ઇંદ્રિયોને વશ રાખી તે પોતાના પતિ ઉપર નિર્મળ પ્રેમ રાખે છે, પતિની ઈચ્છા મુજબ ચાલે છે અને તેની આજ્ઞાનું બરાબર પાલન કરે છે. મન, વચન અને કાયાથી પોતાના પતિની સેવા કરવા સિવાય બીજી કોઈ પણ પ્રકારની ઇચ્છા કરતી નથી.

ઘર અને બહાર સ્વચ્છતા રાખે છે, અને પતિના સુખ–દુઃખની સાથી બની જાય છે. પતિની આજ્ઞા સિવાય ઘર બહાર પગ ભરતી નથી. સાસુને પોતાની માતા સમાન અને સસરાને પોતાના પિતા સમાન ગણી મન, વાણી અને શરીરથી સદા સેવા કરે છે. નણંદને પોતાની બ્હેન સમાન ગણી તેની સાથે પ્રેમપૂર્વક વર્તાવ કરે છે. પતિના જમ્યા પછી જમે છે અને પતિના સૂતા પછી પોતે નિદ્રાધીન થાય છે.

ઘરના અન્ય મનુષ્યો જેઠ–જેઠાણીને માત–પિતા સમાન, દીયરને પુત્ર કે ભાઈ સમાન, દેરાણીને પુત્રી કે બ્હેન સમાન અને તેની સંતતીને પોતાના પુત્રપુત્રી સમાન હૃદયપૂર્વક ગણે છે. નિરંતર ધર્મશ્રવણ કરે છે. નીચ અને કલંકિત સ્ત્રીઓની પાસે ઊભી રહેતી નથી–બેસતી નથી. કોઈપિણ જાતનો સંબંધ રાખતી નથી, પરંતુ કેવળ કુલીન, જાતવંત અને સુપાત્ર સ્ત્રીઓની જ સંગતિ કરે છે. કોઈને કડવું વચન કહેતી નથી, સર્વ દુર્ગુણોથી દૂર રહી સદ્ગુણ ધારણ કરી બીજી સ્ત્રીઓને તેવી બનાવવા પ્રયત્ન કરે છે. જરૂર પડે ત્યારે જરૂર પૂરતું અલ્પ ભાષણ કરે છે.

ઘરનું કામકાજ પૂર્ણ થયા બાદ જ્ઞાન પ્રાપ્ત કરવામાં પોતાનો સમય વિતાવે છે. પતિનો થોડો પણ વિયોગ સહન કરી શકતી નથી. પતિના પ્રિયજનોને સન્માન આપે છે. સાસુ, નણંદ કે તેવી જ બ્હેનપણી વિના ઘર બહાર જતી નથી. હાલવા–ચાલવામાં તેમજ સંબંધી પુરુષવર્ગ સાથેની વાતચિતના પ્રસંગે નીચી દૃષ્ટિ રાખી મર્યાદાપૂર્વક જોઇએ તેટલી જ વાતચિત કરે છે; બીજા પુરુષો સાથે વાતચિત કદી પણ કરતી નથી. કરવી જોઇએ તેની સાથે વાતચિતમાં ઊંચે સ્વરે કે ક્રોધિત થઈ બોલતી નથી. પતિથી કોઈપિણ બાબત છુપાવતી નથી.

પોતાના પતિના વ્યવહારિક અને ધાર્મિક કાર્યોમાં–ઉદારપણામાં ઉત્સાહ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સહકાર આપી તન, મન અને કર્મોથી સહાયતા આપે છે અને પતિના તેવા કાર્યોમાં તેમને ગતિ આપે છે.

ભાવી થનારી પોતાની સંતતિને ઉચ્ચ સંસ્કારી બનાવવા માટે, ગૃહણી તરીકેનું સંપૂર્ણ પાલન કરવા માટે, આદર્શ સ્ત્રી બનવા માટે બાળપણથી તે કાર્યોને અનુકૂળ વ્યવહારિક–ધાર્મિક શિક્ષણ મેળવે છે અને પોતે માતા બન્યા પછી પોતાની સંતતિનું પ્રેમપૂર્વક પોષણ કરવા સાથે તે ધીર, વીર, સદ્ગુણસંપન્ન અને વિદ્વાન કેમ બને તે માટે સદા પ્રયત્ન કરતી રહે છે. ખરાબ આચરણમાં પોતાના બાળકોને પ્રવૃત્ત નહિ થવા દેવા હમેશાં સાધ્યદૃષ્ટિ અને પ્રેમપૂર્વક અંકુશ રાખે છે.

પતિએ ઘરમાં લાવેલ વસ્તુઓને સંભાળપૂર્વક સાચવી રાખે છે. કોઈ પુરુષ કામવશે તેની સામું જુએ અથવા પ્રિય વચનથી કે વસ્ત્રો કે અલંકારોથી લલચાવે તો પણ લેશ માત્ર પણ વિકારને વશ ન થતાં તેવા પ્રસંગોથી દૂર રહે છે. પરપુરુષની સામે સ્થિર દૃષ્ટિએ કદી પણ જોતી નથી, પરંતુ કોઈ વખત અન્ય પુરુષ સામે જોવાની આવશ્યકતા જણાય તો પોતાના પિતા કે બંધુ સમાન ગણી દેખે છે.

પોતાના પતિદ્વારા જે જે પ્રાપ્ત થાય તેમાં સંતોષ માને છે. બીજાનું વિશેષ સારું જોઇ દ્વેષ કરતી નથી અને ઈચ્છતી પણ નથી.

ઉદાર, દયાળુ, પરોપકારી અને બુદ્ધિશાળી થવા પ્રીતિ ધરાવે છે. ધર્મ, નીતિ, સદાચાર, વ્યવહાર, સ્ત્રી ઉપયોગી કળા–કૌશલ્યનું પોતે શિક્ષણ પ્રાપ્ત કરી પોતાના સંબંધીઓ વગેરેને તેવું શિક્ષણ અને ઉત્તમ ઉપદેશ આપી તેઓને સન્માર્ગમાં લાવવાનો નિરંતર પ્રયત્ન કરે છે. વિદ્યા, વિનય અને વિવેકાદિ સદ્ગુણોને સદા સંપાદન કરે છે. કોઇને દુઃખ ઉત્પન્ન થાય તેવું બોલતી પણ નથી, અને કાર્ય પણ કરતી નથી. પોતાના કુટુંબીઓ અને અન્ય સાથે વિરોધ કરી કલેશ પણ કરતી નથી. સુખ–દુઃખ, હર્ષ-શોક વિગેરે સ્થિતિમાં સમતોલપણું રાખે છે, સૌભાગ્યવર્ધક અને ધર્મકાર્યો વગેરે પણ પતિની આજ્ઞા લઇને કરે છે. દેવગુરુધર્મ પરત્વે શ્રદ્ધા રાખી આરાધના કરે છે. ધર્મશાસ્ત્રો કે ગુરુમહારાજનો ઉપદેશ શ્રવણ કરી તે પ્રમાણે વર્તવાનો પ્રયત્ન કરે છે. જિનેશ્વરના દર્શન, સામાયિક, આવશ્યક ક્રિયા વગેરે કરવામાં પાછી હઠતી નથી. શરીરથી બની શકે તેવા તપના અનુષ્ઠાનો કરે છે અને એ બધું પ્રેમપૂર્વક કરે છે.

દેવદર્શનાદિના કારણે પુરુષોની જ્યાં ભીડ હોય ત્યાં ધક્કા ખાવા ન જતાં બીજે વખત લે છે અથવા ઘરમાં બેસીને છેવટે સ્મરણ, ધ્યાન, અનુમોદના કરે છે.

પૂર્વકર્મના ઉદયે કદાચ પતિ રોગી, દુર્ગુણી કે કુલક્ષણવાળો મળી જાય તો પતિને દેવતુલ્ય ગણી પૂર્વકર્મોને વિચારી સદા પ્રસન્ન રહે છે અને પતિસેવામાં કચાશ રાખતી નથી, અને તેવા પ્રસંગોએ પૈસા, વસ્ત્ર, આભૂષણ વગેરેથી કોઈ લલચાવનાર મળે તો તે ચલાયમાન થતી નથી; કોઇની ગરજ કે પરવા પણ રાખતી નથી અને તમામને ધિક્કારી કાઢી પતિ સિવાય બીજાને ઈચ્છતી નથી. અન્ય પુરુષોનો સ્પર્શ પણ કરતી નથી. જેનાથી મર્યાદાનો ભંગ થાય, વિકાર ઉત્પન્ન થાય,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યવહાર વિરૂદ્ધ કહેવાય એવા વસ્ત્રો કે અલંકારો ધારણ કરતી નથી; તેમજ તે સાથે ધર્મરૂપી ધન લૂંટાય તેવા પદાર્થોનો ખાનપાનમાં ઉપયોગ કરતી નથી તેમ વ્યવહાર વિરુદ્ધ કોઇ પણ આચરણ પણ કરતી નથી. પોતાના જે અંગોપાંગ જોવાથી બીજાને વિકાર ઉત્પન્ન થાય તે તમામ ઢંકાય તેવી રીતે વસ્ત્રો ધારણ કરે છે. નગ્નાવસ્થામાં સ્નાન પણ કરતી નથી. ધીમી ગતિએ ઉપયોગપૂર્વક ચાલે છે. ગમે તેવી સ્થિતિમાં પોતાના મુખને આનંદિત રાખે છે. વસ્ત્રો–અલંકારોથી સુશોભિત થવાની ઈચ્છાને બદલે સદ્‌ગુણોથી સુશોભિત થવાની હરહંમેશ ઈચ્છા રાખે છે. ઊંચે સ્વરે હસતી નથી તેમજ અન્ય સ્ત્રી–પુરૂષની ચેષ્ટા જોવાની ઇચ્છા પણ રાખતી નથી. સૌભાગ્યદર્શક શ્રૃંગાર પણ નિરંતર ધારણ કરે છે.

આ દેહને વિનાશક સમજી પરલોકના સુખનો વિચાર કરી આત્મા જેમ ગુણશ્રેણીએ ચઢે તેમ સુકૃત કાર્યો, દાન પુણ્ય વગેરે કરી સત્કીર્તિ સંપાદન કરે છે. હમેશાં પોતાના શિયલનું ગમે તે ભોગે રક્ષણ કરે છે. નિરંતર સત્યભાષી હોય છે. ક્રોધ, માન, માયા, લોભ, નિંદા અને વિકથા કરવી વગેરેને ભવાટવી ભમાવનારા ગણી શાંતિ, લઘુતા, સરલતા, એકતા, સંતોષ, ગુણગ્રાહીપણું, સત્કથા કરવા વગેરેને આત્મકલ્યાણના સાધનભૂત ગણી પ્રેમપૂર્વક તે ગુણોને ગ્રહણ કરે છે.

પતિનું જરા પણ અપમાન કરતી નથી અને બીજા જો પોતાના પતિનું અપમાન કરે તો તે સહન પણ કરતી નથી. વૃદ્ધ, વૈદ્ય અને સદ્‌ગુરુઓ પાસે પણ જરૂરીઆત પૂરતું મર્યાદાપૂર્વક બોલે છે. પિયરમાં પણ વધારે સમય રહેતો નથી. આ મનુષ્યજન્મનું સાર્થક કેમ થાય તેનો નિરંતર વિચાર કરે છે અને તે દ્વારા નિશ્ચિત કરેલ સાચા રાહ પર સર્વ વ્યવહાર ચલાવે છે. વિઘ્નો અને અનેક સંકટો આવતાં તેને સહન કરી પોતાની રહેણીકહેણી, નેકીટકી છોડતી નથી. વગેરે લક્ષણો ધર્મશાસ્ત્રોએ, ધર્મોપદેશકોએ અને વિદ્વાનોએ બતાવેલ છે.

સતી ચંદનબાળાને પરઘેર વેચાવું પડ્યું તેમ જ સતી મદનરેખાના પતિને તેના મોટા ભાઇએ મારી નાખ્યાં છતાં શિયળનું રક્ષણ કર્યું. નર્મદાસુંદરીને વેશ્યાને ત્યાં વેચાવું પડ્યું, અનેક કષ્ટો સહન કરવા પડ્યા પરંતુ શિયળ સાચવ્યું. સુભદ્રા સતીને મુનિમહારાજનું આંખમાંનું કણું જીભવડે કાઢતાં આળ આવ્યું; દેવતાઓએ તેમનું શિયળ સાચવવા કાચા તાંતણે ચાલણી બાંધી કૂવામાંથી જળ કાઢી નગરદ્વાર ને તે પાણી છાંટવાથી ઉઘડતાં શિયળમહિમા વધ્યો. અંજનાસુંદરીને જંગલમાં રખડવું પડ્યું. કલાવતીના શિયળ સાચવતાં હાથ કપાણા પણ શિયળના પ્રભાવે હાથ નવા થયા. મહાસતી સીતાજીને લોકોપવાદ ટાળવા શિયળની ખાત્રી માટે વનમાં જવું પડ્યું, અગ્નિપ્રવેશ કરવો પડ્યો, તેમજ તેવા અનેક દાખલાઓ ભૂતકાળના અને આગલી ચોવીશીના પતિવ્રતપણા–શિયળનું રક્ષણ કરવા માટેના સતી સ્ત્રીઓએ અનેક સંકટો સહન કર્યા છે તે શાસ્ત્રોમાં મોજુદ છે અને તેથી જ શાસ્ત્રોમાં તેઓના નામો સોનેરી અક્ષરોએ લખાયેલ છે અને પ્રાતઃકાળમાં તેવી માતાઓનું સ્મરણ કરતાં પાપ ધોવાય છે–આત્મકલ્યાણ થાય છે.

આ કાળમાં પણ પતિવ્રતા સ્ત્રીઓ પણ હોઈ શકે છે, પરંતુ સમજવાનું એ છે કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનુ૦ અભ્યાસી B. A.

# ધર્મનું મૂળ દુઃખમાં છુપાયેલું છે.

બાલ્યાવસ્થામાં જીવન ઉજ્જવળ, અદ્‌ભુત, વિસ્મયકારી, લીલામય દેખાય છે અને જગત આનંદની રંગભૂમિ દેખાય છે. અહિંની દરેક ચીજ સુંદર સૌમ્ય અને આકર્ષક જણાય છે. માણસ ઇચ્છે છે કે અહિંયા હળીમળીને બેસીએ, હસીએ, ખેલીએ, રોષતોષથી લડીએ અને પછી ઉડી જઈએ.

પરંતુ જેમ જેમ જીવનની ગતિ પ્રૌઢતા તરફ વધે છે તેમ તેમ આ રંગભૂમિ અને તેની સુંદર લીલાઓ ડરાવનારું અને ગભરાવનારું સ્વરૂપ ધારણ કરતી જાય છે. પગલે પગલે ભાન થવા લાગે છે કે જીવન દુઃખમય છે, જગત નિષ્ઠુર અને ક્રૂર છે. ચારે તરફ પરાધીનતા છે. અથાગ પરિશ્રમ કરવા છતાં સંપૂર્ણ થાય છે. ઇષ્ટની પ્રાપ્તિ થતી નથી અને અનિષ્ટની ઉપસ્થિતિ અનિવાર્ય છે.

આ જગત નિઃસાર છે, કેવળ તૃષ્ણાના હુંકાર છે. તેનાથી ઉન્મત્ત થએલું જીવન અસંખ્ય પીડા, અસીમ વેદના અનેક આઘાત-પ્રત્યાઘાત સહન કરતાં કરતાં સંસારવનમાં ઘૂમી રહ્યું છે. ત્યાં સંતોષનો કે સુખ-શાન્તિનો ક્યાંએ પત્તો નથી. એજ અપૂર્ણતા, એ જ તૃષ્ણા, એ જ વેદના હમેશાં હોય છે. આલોક તૃષ્ણા પૂર્તિનું સ્થાન નથી. એ તો નિર્દય મરીચિનું સ્થાન છે. એ દૂર દૂર રહેનાર છે. એ નિતાંત અગ્રગ્રાહ્ય છે. એ ખોટી આશાઓના પાસમાં બાંધીને જીવનને મૃત્યુ તરફ લઈ જાય છે.

આ જગત મૃત્યુથી વ્યાપ્ત છે. ચારે તરફ કલ્પાંત અને ચિત્કાર છે. લોકો નિરંતર કાળના મોઢામાં ચાલી રહ્યા છે. ભૂમંડળ અસ્થિપંજરથી ઢંકાએલું છે. અહિંયા જીવન નિતાંત અશરણ છે. અહિંયા કોઇ ચીજ સ્થાયી નથી. જે આજ હોય છે તે કાલે નથી હોતી. અંકુર ઉગે છે, વધે છે, પત્ર પુષ્પ થાય છે, ખીલે છે; પરંતુ અંતે ખરીને જમીન ઉપર પડે છે. અહિયાં ભોગમાં રોગ રહેલા છે, યૌવનમાં ઘડપણ રહેલું છે, શરીરમાં મૃત્યુનો વાસ છે. અહિંની સઘળી વસ્તુઓ ભયથી ઢંકાએલી છે.

આ છે પ્રૌઢ અનુભૂતિ જે માનસ સમાજમાં ધર્મમાર્ગની આવિષ્કારક છે. કોઇ યુગ

---

તે પદ પ્રાપ્ત કરનારને કુદરતની કસોટીમાંથી પસાર થવું પડે છે અને ઉપરોક્ત સર્વગુણો ધારણ કરવામાં અનેક સંકટો ઉઠાવવા પડે છે; કેટલી સહનશક્તિ કેળવવી પડે છે ત્યારે તે પદ પ્રાપ્ત થાય છે, જેથી દરેક બ્હેનો ! તમે તમારો સ્ત્રીધર્મ શું છે? તે સમજો, લઘુવયથી જ તેવું સ્ત્રી શિક્ષણ પ્રાપ્ત કરી પતિવ્રતા ધર્મનું પાલન કરો, સતીપણું પ્રાપ્ત કરો, તમારા મનુષ્યજીવનનું સાર્થક કરવા ઉત્સુક બનો તે જ મનુષ્યજન્મનું સાર્થક છે. અમારી બ્હેનો પોતાનું તેવું કર્તવ્ય પોતાના જીવનમાં સમજે અને આદર્શ બને તેવી પરમાત્મા પ્રત્યે અમારી પ્રાર્થના સાથે આ લેખ

**આત્મવલ્લભ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવો નથી, કોઇ દેશ એવો નથી કે જ્યાં આ પ્રૌઢ અનુભૂતિનો ઉદય ન થયો હોય અને તેની સાથોસાથ જીવનનો અલૌકિક આદર્શ અને તેની પ્રાપ્તિ માટે ધર્મમાર્ગનો જન્મ ન થયો હોય. 'વૈદિક ઋષિઓને આ અનુભૂતિ વૈદિક સાહિત્યમાં કહેલા યમ, મૃત્યુ અથવા કાળના વિવરણમાં છુપાએલી છે. અસુર લોકોની આ અનુભૂતિ પ્રચંડ, ભીષણ, રૂદ્રસ્વરૂપમાં આપણી સુધી પહોંચી છે. લિંગાયત લોકોમાં એ રૂદ્રની મૂર્ત્તિ અને શિવના તાંડવનૃત્યમાં અંકિત થએલી છે. અને બંગાળ દેશના તાંત્રિક લોકોમાં કાળી–કરાલી ચંડી–દૂર્ગાના ચિત્રમાં ચીતરેલી છે. ઉપનિષદ્-ના કાળમાં એ અનુભૂતિ બ્રહ્મ સત્ય છે, અને નામરૂપ કર્માત્મક જગત અસત્ય છે એવા સત્યાસત્યવાદમાં રહેલી છે. એ અનુભૂતિ આધુનિક વેદાંત દર્શનના માયાવાદ, તુચ્છ-વાદમાં પ્રગટ છે. મહાભારતમાં એ અનુભૂતિ બુદ્ધિશાળી બ્રાહ્મણ પુત્રના વિચારોમાં ગર્ભિત છે. બૌદ્ધકાળના ભારતમાં બુદ્ધ ભગવાને બતાવેલા ચાર આર્ય સત્યોમાં અને વીર ભગવાને બતાવેલી બાર ભાવનાઓમાં આ અનુભૂતિ દેખાય છે.

એવી રીતે એ અનુભૂતિ સર્વ ધર્મમાર્ગનો આધાર છે; પરંતુ નિવૃત્તિપરાયણ દર્શનોએ પ્રાણ છે. એટલા માટે ઉપનિષદ્, વેદાંત, બૌદ્ધ અને જૈનદર્શન સમજવા માટે એના મહત્ત્વનો અનુભવ કરવો અત્યંત જરૂરી છે.

મનુષ્યજીવનમાં માણસ સભ્ય હોય કે અસભ્ય હોય, ધનવાન હોય કે નિર્ધન હોય, પંડિત હોય કે મૂર્ખ હોય, પુરૂષ હોય કે સ્ત્રી હોય, પણ આ અનુભવ એક વખત આવે છે અને તેના ઉજ્જ્વળ સંસારને ભયાનક ભાવોથી ભરી મૂકે છે. તે દુઃખમાં એમ વિચારે છે કે–"હું કોણ છું? શું હું ખરેખર નિરર્થક છું? પરાધીન અને નિઃસહાય છું? શું મંગળ કામના કરવા છતાં દુઃખી રહું છું? આશા રાખવા છતાં આશાહીન બનું? જીવન ચહાવા છતાં મૃત્યુમાં મળી જાઉં? જો દુઃખ એ જ મારો સ્વભાવ છે તો સુખની કામના શા માટે? જો આ જીવન એ જ જીવન છે તો ભવિષ્યની આશા શા માટે? જો મૃત્યુ એ જ મારો અંત છે તો અમૃતની ભાવના શા માટે? શું એ કામના, આશા, ભાવના, એ બધા ભ્રમ છે. મિથ્યા છે, મારે એની સાથે કોઇ સંબંધ નથી? શું આ દુનિયા એ જ મારી દુનિયા છે કે જ્યાં ઇચ્છાઓનું ખુન થાય છે અને પુરુષાર્થની અફળતા રહેલી છે? શું આ દુનિયા મારા ભાગ્યની વિધાતા છે? શું એની ઉપર મારો કોઈ અધિકાર નથી? શું કોઇ એવી દુનિયા નથી કે જ્યાં સ્વેચ્છાપૂર્તિ હોય આનંદનો નિવાસ હોય અને અમર જીવન હોય?"

જ્યાં દુઃખની અનુભૂતિએ મનુષ્યના મગજમાં જીવન અને જગત સંબંધી આ પ્રશ્નાવલીને દર્શન અને શાસ્ત્રની આ ગૂઢ સમસ્યાઓને જાગૃત કરી છે ત્યાં તેણે મનુષ્યને આ દુનિયાની રૂઢિનો માર્ગ છોડીને અલૌકિક માર્ગે ચાલવાને તત્પર બનાવે છે.

જો ઇંદ્રિયસુખોનો નાશ કદી પણ ન થતો હોત, ઇષ્ટ વસ્તુ મેળવીને તેનાથી વિયોગ ન થતો હોત, રોગ અને ઘડપણથી શરીર જર્જરિત નથતું હોત, ઉલ્લાસમય યૌવન હંમેશાં રહેતું હોત, અને મૃત્યુથી જીવનતંતુનો વિચ્છેદ ન થતો હોત તો ઇચ્છા–ભાવના પણ ન હોત,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શોધ પણ ન હોત, ઉપાય અને માર્ગ પણ નહોત. જ્યાં અનિત્યતા છે ત્યાં જ દુઃખ છે અને જ્યાં દુઃખ છે ત્યાં જ ભાવના છે અને જ્યાં ભાવના છે ત્યાં જ આવશ્યકતા છે, જ્યાં આવશ્યકતા છે ત્યાં જ શોધ છે અને જ્યાં શોધ છે ત્યાં જ માર્ગ છે અને જ્યાં માર્ગ છે ત્યાં જ પ્રાપ્તિ છે.

જો તરસ ન હોત તો કોણ જળાશય શોધત અને કોણ જળનું શરણુ પામત? જો સૂર્ય તડકો ન આપે તો કોણ છાયાનું શરણુ મેળવત? જો સંસાર અનિત્ય ન હોત જીવન દુઃખમય ન હોત તો કોણ પારમાર્થિક આદર્શ શોધત અને કોણ ધર્મને શરણે જાત?

એ દુઃખનો અનુભવ એ જ સંસારમાં ધર્મનો રચનાર છે, એ જ વિશ્વાસ ઉત્પન્ન કરે છે કે જીવન નિરર્થક નહિ પણ ધ્યેયવાન છે, પરાધીન નહિ પણ સ્વતંત્ર છે, મરણશીલ નહિ પણ અમર છે. એ જ મનુષ્યમાં મૃત્યુ લોક તરફ ઘૃણા અને અમૃત લોકની લાલચ પેદા કરે છે. એ જ મનુષ્યને નીચેથી ઉપર જતાં શીખવે છે. એ જ એને આ કારાવાસથી દૂર ઝગમગતા જ્યોતિ લોકમાં પોતાની આશા લગાડવાને મજબૂત કરે છે. એ જ સ્વપ્નોમાં બેસીને પિતૃલોકની અને વ્યંતર લોકની સૃષ્ટિ કરે છે. એ જ ભાવનાઓમાં એ સ્વર્ગ લોકની રચના કરે છે. જ્યાં દેશ, જાતિ અને વિશ્વનું હિત, દાન, સેવા કરનારા અને પોતાના પ્રાણનો ભોગ આપનાર મનુષ્યો મરીને જન્મ લે છે. જ્યાં પૂજા, પ્રાર્થના, સ્તુતિ, વંદન, યજ્ઞ, હવન કરનાર ભક્તજનો પેદા થાય છે. જ્યાં દુઃખ કલેશ સહન કરનાર, વ્રત-ઉપવાસ કરનાર ભવ્યજનો પોતાનું ધામ બનાવે છે. જ્યાં તે દેવતા સ્વરૂપે અનંત કાળ સુધી સ્વેચ્છાપૂર્વક આકાશચારી થઇને વિચરે છે.

એ જ વેદના જીવનને બહારથી અંદર આવવાની, શાન્ત ચિત્તે ચિંતન કરવાની પ્રેરણા કરે છે. એ જ વેદના જીવનને શરીરપોષણ, વિષયભોગ, ઇચ્છાપૂર્તિના રૂઢિમાર્ગો તજીને રીતિ-નીતિ, ત્યાગ-સંયમ, શીલ-સહિષ્ણુતા, દાન-સેવા, પ્રેમ-વાત્સલ્યનો માર્ગ અપનાવવાની શિક્ષા આપે છે. એ જ વેદના જીવનમાં દિવ્ય આલોક પેદા કરે છે જે રોગશોક, આતાપ-સંતાપથી દુઃખિત હૃદયને શાંતિ આપે છે, જે દુર્દૈવ, અન્યાય, અત્યાચારથી પીડાતા પ્રાણોને ધૈર્ય અને શાંતિથી ભરે છે. એ દિવ્ય આ લોક જ જીવનની પરમ આકાંક્ષા છે. એના રહસ્યનું ઉદ્‌ઘાટન જ એના ગૂઢ વિચારની પરાકાષ્ઠા છે, એની સિદ્ધિ જ એના સતત પુરુષાર્થનો પરમ ઉદ્દેશ છે. જો જીવનને-એ આ લોકથી વંચિત કરી દેવામાં આવે તો જીવન જીવવા લાયક નથી રહેતું અને એક નીરસ અને ભારરૂપ બની જાય છે.

એ સુખનો લોક દુઃખની પાછળ છુપાયેલ છે. એ અમૃત સરોવર અંધકારથી ઢંકાયેલું છે. જેઓ દુઃખથી ડર્યા વગર તેની અંદરનો અર્થ જોનાર છે, જેઓ અંધકારથી ગભરાયા વગર એની અંદર પ્રવેશ કરે છે તેઓ જ ખરી રીતે સુખ લોકના-અમૃત લોકના અધિકારી છે.

દુઃખ જીવન માટે જરૂર ભયાનક, અરુચિકર છે; પરંતુ એ અનિષ્ટકર નથી, બાધક નથી, શત્રુ નથી. એ તો જીવનનું પરમ હિતૈષી છે, પરમ પુત્ર છે. એ જીવનને સચેત કર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નારછે,તેની પરિસ્થિતિનું ઠીક ઠીક ભાન કરાવનાર છે.એ સ્વાર્થી નથી, ખુશામતખોર નથી.એ તેના અજ્ઞાનનો લાભ ઉઠાવીને હામાં હા મેળવનાર નથી. એ તેના જૂઠા રૂપની પ્રશંસા કરીને તેને ખુશી રાખનાર નથી, એ તો સ્પષ્ટ કહેનાર છે. એ દર્પણની માફક સરલ અને સાચું છે. એ જૂનામાં જૂની કલ્પિત માન્યતાઓને મિથ્યા કહેનાર છે, ગાઢમાં ગાઢ સત્યાર્થને અસત્યાર્થ કહેનાર છે. એટલા માટે ભયાનક છે. એ કિરણની માફક અજ્ઞાનતંતુને ભેદનાર છે. એ મોહરોગ ઉપર નસ્તર સમાન છે એટલા માટે અરુચિકર છે.

સ્વાસ્થ્યરચનામાં જે સ્થાન જ્વરનું છે તે જ સ્થાન જીવનરચનામાં દુઃખનું છે. જ્વર પોતે રોગ નથી, રોગનો ઉત્પાદક નથી, એ તો રોગની ચેતવણી છે જે અંદરની શક્તિઓને જગાડે છે. એ તો રોગ નિરોધનો ઉદ્યમ છે જે શરીરને રોગથી મુક્ત કરીને સ્વાસ્થ્યમાં સ્થાપન કરવા ચાહે છે. એવી જ રીતે દુઃખ પોતે અનિષ્ટ નથી, અનિષ્ટનું ઉત્પાદક નથી, એ તો અનિષ્ટની ચેતવણી છે. જે પ્રાણોને ખેંચીને, હૃદયને મસળીને, મનની ઉથલપાથલ કરીને નિરંતર મૂળ ભાષામાં પોકારે છે કે "ઊઠો, જાગો, હુશિયાર બનો, આ જીવન ઇષ્ટ જીવન નથી, એ જીવનની રૂણ દશા છે, વૈભાવિક દશા છે, બન્ધ દશા છે" એ તો અનિષ્ટ નિરોધનો ઉદ્યમ છે જે ગમે તે રીતે જીવનને અનિષ્ટથી મુક્ત કરીને ઇષ્ટમાં સ્થાપવા ચાહે છે. તેથી સંસારના સઘળા મહાપુરુષો કે જેઓએ સત્યનું દર્શન કર્યું છે, જેઓએ પોતાનું જીવન અમર કર્યું છે, જેઓએ પોતાના આદર્શથી વિશ્વહિત માટે ધર્મમાર્ગ કાયમ કર્યો છે તેઓએ આ દુઃખાનુભૂતિને અપનાવી છે, તેના આલોકમાં રહીને અંતઃશક્તિઓને લગાડી છે એને લઇને શ્રેયસ્ અને કલ્યાણકારી કહેવામાં આવે છે.

જે દુઃખમાં અધીરો નથી થતો, તેનાથી મુખ છુપાવતો નથી. જેણે તેને સાચા મિત્રની માફક અપનાવેલ છે, જે તેના અનુભવોની સાથે પ્રયોગ કરે છે, જે તેનો અવાજ સાંભળે છે. જે તેની પાછળ પાછળ ચાલે છે તે જીવનશત્રુઓને પકડી લે છે, તે જન્મ-મરણના રોગનું નિદાન કરી લે છે, તે દુઃખમાંથી સુખનો માર્ગ કાઢે છે.તે માર્ગે ચાલીને હંમેશના માટે કૃતકૃત્ય થઇ છે,પૂર્ણ થઇ જાય છે, અક્ષય સુખનો સ્વામી થઈ જાય છે; પરંતુ જે દુઃખની કટુતાથી ડરીને પેસી ગયેલા શૂળને શરીરમાંથી નથી કાઢતો, અંદર પેસી ગએલા રોગના કારણોનો બહિષ્કાર નથી કરતો તે નિરંતર દુઃખ ભોગવ્યાજ કરે છે.

જે દુઃખથી ડરીને દુઃખનો સાક્ષાત્કાર કરવા નથી ઇચ્છતો, એના અનુભવોથી પ્રયોગ કરવા નથી ઇચ્છતો, તેનાથી સુઝેલી સમસ્યાનો ઉકેલ કરવા નથી ચાહતો, તેને જન્મ આપનાર કારણો પર-તેનો અંત લાવનાર ઉપાયો પર વિચાર કરવા નથી ઇચ્છતો, જે ધર્મમાર્ગે ચાલીને તે કારણોનો મૂલોચ્છેદ કરવા નથી ઈચ્છતો તે કેવળ દુઃખાનુભૂતિ ભૂલવાના યત્ન કરે છે તે મૂઢ માણસ પોતાની ઠગાઈથી પોતે જ ઠગાય છે અને વારંવાર જન્મમરણના ફેરામાં દુઃખથી ખિન્ન બને છે.

જો જીવન તથા જગતના રહસ્યો સમજવા હોય, લોક તેમજ પરલોકના માર્ગ જાણવા હોય તો આત્માને પ્રયોગ ક્ષેત્ર બનાવો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( ચો ક સી. )

# અમીયભરી મૂરતિ.

પ્રગતિના પગલા ભરતો અને આત્મ-શ્રેયના પંથે આગે કૂચ કરતો આત્મા આજે સ્વયં સ્ફૂરણાથી 'સત્' સ્વરૂપની યથાર્થ પિછાન કરી એનું ધ્યાન વિના અડચણે કરી શકે તેવી સ્થિતિએ આવી પહોંચ્યો છે. હવે તેનો હૃદયદીપક એટલી હદે નિશ્ચળ અને સ્થિર બની ચૂકયો છે કે એને અન્ય દર્શનના રંગ–બેરંગી મંતવ્યોરૂપ વાયરા કંઈ જ અસર કરી શકે તેમ નથી. એનો તેજઃપુંજ અસ્ખલિત ગતિએ વૃદ્ધિ પામ્યા કરે છે. વળી એના મંગળાચરણના મુહૂર્તમાં પણ ભવિતવ્યતાના જોરે તેરનો શુભ અંક પ્રાપ્ત થયો છે. પાશ્ચિમાત્ય સંસ્કૃતિને ભલે એ અંક (૧૩) સામે રાતી આંખ હોય કિંવા પશ્ચિમની પ્રજામાં એ તેરના આંકડા સામે અશુભના ઓળા ઉતરતા હોય પણ ભારતીય સંસ્કૃતિમાં એ માટે જરા પણ બેમત જેવું નથી જ.

અણપૂછયું મુહૂર્ત તેરશ ને ત્રીજ એ ઉક્તિ જ તેર પાછળના શુભ ભાવને પ્રગટ કરવા બસ છે. શ્રીમદ્ આનંદઘન યોગીરાજ તેરમા પ્રભુશ્રી વિમળનાથના સ્તવનમાં મુમુક્ષુ આત્મા પાસે જે શબ્દોચ્ચાર કરાવે છે એ અધ્યાત્મદશા–અંતરના કેટલા ઊંડાણમાં ઉતરેલ છે એના જીવંત પુરાવારૂપ તો છે જ, પણ પ્રત્યેક વાચક, ગાયક કે વિચારકના હૃદયમાં કોતરાઇ જાય તેવા છે. વિમલ અર્થાત્ મળવિહોણી દશા નિતાંત નિર્મળતા–સ્ફટિક સમ સ્વચ્છ સ્થિતિ સૌ કોઇને પસંદ હોય છે. એની પ્રાપ્તિ એ નાના મોટા સંખ્યાબંધ માનવીના મનોરથોનું લક્ષ્યબિંદુ પણ હોય છે છતાં સૌ જાણે છે કે મનોરથ ભટ્ટની ખાઈ દુઃખે પૂરાય તેવી હોય છે. પૂરવા કટિબદ્ધ થનાર આત્માએ યાદ રાખવાનું સૂત્ર તો એ છે કે–**उद्यमेन हि सिध्यन्ति कार्याणि न मनोरथैः** । વળી એ ઉદ્યમ પણ સાચી દિશામાં હોવો જોઇએ. આલંબન પણ ઇષ્ટસિદ્ધિ કરે તેવા પ્રકારનું હોવું ઘટે. ઈચ્છા હોય બ્રહ્મચારી થવાની અને સેવા કરતો હોય પડખામાં લલના રાખી ઉભેલા દેવની ! જીતવા હોય કર્મશત્રુઓને અને સધિયારો લેવા દોડે એવા દેવની પાસે કે જેઓ કયાં તો ભયગ્રસ્ત હોવાથી હાથમાં શસ્ત્રો ધારી ઉભા હોય અથવા તેમને પોતાને પણ રિપુઓનો સામનો કરવાનો હોય તેથી પશુબળ પર મદાર બાંધી સમરાંગણમાં જતા શસ્રધારી યોદ્ધા સમ સ્વાંગ ધરી ઉભા હોય ! એવા દેવના ચરણ ચૂમવાથી સાચી શાંતિના દર્શન શકય નથી જ એથી અંતરશત્રુઓ પર જયશ્રી ન મેળવાય. '**तिण्णाणं तारयाणं**' જેઓ જાતે

---

દુઃખ અનુભવોને પ્રયોગનો વિષય બનાવો, એનું મથન અને મનન કરવા માટે આત્મ-ચિંતનથી કામ લ્યો.

જેવી રીતે કમળનું મૂળ પંકમાં છુપાયેલું છે, વસંતનું મૂળ હિમમાં છુપાયેલું છે તેવી જ રીતે ધર્મનું મૂળ દુઃખમાં છુપાયેલું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરેલા છે તેઓ જ અન્યને તારવા-ઉદ્ધારવા સમર્થ છે. શરણું તેવાઓનું જ ઘટે. કેવલ નામ મોટા ધરવાથી શું ? નામ તો કેટલીક વાર વિસંવાદ પેદા કરે છે! એક કવિએ ગાયું છે કે-

**નામ પાડે શ્રી રણછોડ, ભરે વ્યાજ એ મોટી ખોડ,**
**નામ પાડે સુરજી જસુ ને આંખે નહી દેખે કસુ.**

સાચી વિમળ દશાની ખેવના હોય તો નજર કરો શ્રી વિમળજિનની મૂર્તિ પ્રતિ. પાડો અંતરમાં એનું સાચું પ્રતિબિંબ. જાણે કોઈ અનેરો આભાસ થાય છે. હૃદયના ઉંડાણમાંથી ઝણઝણાટ પેદા કરતો રવ ગાજી રહે છે

'દીઠા લોયણ આજ મારા સિધ્ધ્યા વાંછિત કાજ' રૂપ પદયુગલ શરીરના પ્રત્યેક પ્રદેશને હલાવી દે છે.

**' ચરણ કમલ કમલા વસે રે,**
**નિરમળ થિરપદ દેખ,**
**સમલ અથિરપદ પરહરી રે,**
**પંકજ પામર પેખ. '**

એ કડી જ કાદવમાં ઉત્પન્ન થનાર કમળ પર વાસ કરનાર શ્રી લક્ષ્મીદેવી-પોતાના વાસની અસ્થિરતા જાણી એની મલિનતા અવધારી-કેવલજ્ઞાન લક્ષ્મીરૂપે શ્રી વિમળનાથ પ્રભુના ચરણમાં આવી વસ્યા એ પાછળ કેવું રહસ્ય છુપાયેલ છે તેનો હૃદયમાં ચિતાર રજૂ કરે છે. સાથો સાથ મુમુક્ષુ આત્મા પણ એ જાતનો વાસ અભિલષતો કવવા માંડે છે.

**' મુજ મન તુજ પદ પંકજે રે,**
**લીનો ગુણ મકરંદ;**
**રંક ગણે મંદર ધરા રે,**
**ઇંદ ચંદ નાગિંદ. '**

શ્રી વિમળજિનના ચરણ ચુમવાના આનંદ આગળ એને નંદનવન સમી મેરુપર્વતની સુવર્ણમય ભૂમિ કે દેવોના સ્વામી શક્રેન્દ્ર, જ્યોતિષના સ્વામી ચંદ્ર, કે વ્યંતરના સ્વામી નાગેન્દ્રની રિદ્ધિ તુચ્છ ભાસે છે. આગળ વધી કહે છે કે—

**સાહેબ સમરથ તું ધણી રે,**
**પામ્યો પરમ ઉદાર;**
**મન વિસરામી વાલહો રે,**
**આતમ ચો આધાર.**
**દરિશન દીઠે જિન તણા રે,**
**સંશય ન રહે વેધ;**
**દિનકર કરભર પસરંતા રે,**
**અંધકાર પ્રતિષેધ.**

અરિહંત પ્રભુનો આશ્રય એ આધિ, વ્યાધિ ને ઉપાધિના નિવારણમાં જલ્લદ રામબાણ ઉપાય સમ છે એ તો સાચું જ છે, પણ એની અસર એટલી તીવ્ર ને ત્વરિત છે કે જેમ સહસ્રરશ્મિનો પ્રકાશ પડતાં અંધકારનું નામનિશાન પણ રહેવા પામતું નથી તેમ વીતરાગ એવા શ્રી વિમળજિનની મૂર્ત્તિ નિરખતા-એનું યથાર્થ દર્શન કરતાં સર્વ પ્રકારના સંશયો, વનના રાજા સિંહને આવતો દેખી જેમ શિયાળ આદિ પશુગણ ભાગી જાય તેમ ભાગી જાય છે-છેદાઈ જાય છે-જડમૂળથી ઉખડી જાય છે. અંતરનાદ જોરથી જાણે ઉભરાઈ ન જતો હોય એમ ઉન્નત બનતો લલકારે છે—

**અમીયભરી મૂરતિ રચી રે,**
**ઉપમા ન ઘટે કોય;**
**શાંત સુધારસ ઝીલતો રે,**
**નિરખત તૃપ્તિ ન હોય.**

યોગીરાજે ઉપરની કડીના ઉચ્ચારણમાં સારોયે વિચાર એવી રીતે આણી દીધો છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે એનું વારંવાર રટણ સાચો અહલેક જગાવી દે છે.

**'ઇલિકા ભ્રમરી ધ્યાનાત્ ભ્રમરીત્વં યથાસ્તુતે'**

અર્થાત્ ભમરીના ધ્યાનમાં લયલીન થયેલ ઇયળ જાતે જ ભમરીરૂપ બની જાય છે એ શ્રી ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજના ટંકશાળી વચન અનુસાર અહીં પણ અમૃતરસથી જ જાણે આકંઠ ભરેલી અને અમાપ શાંતિરસને ઝીલતી–વીતરાગ પ્રભુની મૂર્ત્તિ વિમળજિનની પ્રતિમા નિરખતાં કેમે કરી મન થાકતું જ નથી. જો એમાં સાચી એકતારતા સંધાઇ જાય તો સ્વયમેવ વીતરાગ થવામાં કંઈ જ વિલંબ નથી લાગતો.

શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજે પણ વિમળતા પરજ ભાર મૂકયો છે.

**વિમળજિન વિમળતા તાહરીજી,**
**મુખથી કહીય ન જાયજી;**
**લઘુ નદી જિમતિમ લંઘીયેજી,**
**સ્વયંભૂરમણ ન તરાયજી.**

યોગીરાજની અંતિમ અરજ એક જ છે કે–હે વિમળનાથ ! વિમળતા આપો કારણ કે વિમળતા ને સચ્ચિદાનંદમયતા એ એક જ જનનીની દુહિતાઓ છે.

# નૂતન વર્ષ પ્રવેશ.


શ્રી પર્વ પર્યુષણ આવીયા રે લાલ,
આત્માનું કરો કલ્યાણ રે ભવિકજન. શ્રી પર્વ ૧.
તન મન ધનથી સેવા કરો રે લાલ,
માગો અવિચળ સુખ રે ભવિકજન. શ્રી પર્વ ૨.
નંદન સિદ્ધારથ રાયનારે લાલ,
દયાતણા છે ભંડાર રે ભવિકજન. શ્રી પર્વ ૩.
પ્રણમો તેહને પ્રભાતમાં રે લાલ,
કામ ક્રોધનો કરોને નાશ રે ભવિકજન. શ્રી પર્વ ૪.
સદ્‌ગુણ સર્વદા આચરો રે લાલ,
નૂતન વરસે હોજો મંગળમાળ રે ભવિકજન. શ્રી પર્વ ૫.
તપ જપ કરી કાયા શોષવો રે લાલ,
નવિ રાખો મન અભિમાન રે ભવિકજન. શ્રી પર્વ ૬.
વચન વિચારીને ઓચરો રે લાલ,
રતી[1] અરતી[2] ને કરો દૂર રે ભવિકજન, શ્રી પર્વ ૭.
શેષ[3] જીવન સુધારવારે લાલ,
પ્રયત્ન[4] કરો ધરી મન ખંત[5] રે ભવિકજન. શ્રી પર્વ ૮.
વેરભાવ તજી "સહુ"[6] સાથસું રે લાલ,
સરવે જીવોને ક્ષમાવો ને આજ રે ભવિકજન. શ્રી પર્વ ૯.

—પારેખ રાયચંદ મૂળજી

૧ રતી–સુખ. ૨ અરતી–દુઃખ (તેને હમેશાં વર્જવા) ખોટી ઉપાધી ન કરવી તે ૩ શેષ–બાકી થોડું રહેલ તે. ૪ પ્રયત્ન–મહેનત. તેમાં જીવને દોરવો તે. ૫ ખંત–હોંશ, ઉમેદ. ૬ સહુ–લક્ષ ચોરાશી જીવાયોનીને ઉદ્દેશીને.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## ઇનામી મેળાવડો.

ભાવનગરમાં ચાલતી **શ્રી ઉજમબાઈ જૈન કન્યાશાળાનો વાર્ષિક** ઇનામી મેળાવડો કલકત્તા-નિવાસી **શેઠ કરમચંદભાઈ લાલચંદ** (કચ્છી) ના પ્રમુખપણા નીચે મારવાડીના વંડામાં તા. ૧૯-૮-૪૦ ના રોજ બપોરના મળતાં **સંસ્થાના મંત્રી શેઠ હરજીવનદાસ દીપચંદે** નિવેદન પત્રિકા રજૂ કરી. **શ્રીયુત વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ** બી. એ. ની દરખાસ્ત અને **શેઠ હરિલાલ દેવચંદના** ટેકાથી પ્રમુખ સાહેબની વરણી કરવામાં આવી. ત્યારબાદ કન્યાશાળાની બાળાઓએ ગીતો અને સંવાદો સુંદર રીતે રજૂ કરી સૌને રંજિત કર્યા હતા.

બાદ સંસ્થાના મંત્રી **શ્રીયુત વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધીએ** સંસ્થાનો રિપોર્ટ રજૂ કરતાં માત્ર ત્રણ હજારની રકમના વ્યાજમાંથી આ સંસ્થા કેવી રીતે કાર્ય કરી રહેલ છે તે વસ્તુ રજૂ કરી જણાવ્યું કે સંસ્થાના વિકાસ માટે અમારી પાસે હુન્નરઉદ્યોગ, ગૃહશિક્ષણ વગેરે યોજનાઓ છે. જો કોઇ ઉદાર ગૃહસ્થ સંસ્થાને મળી આવે તો તેનો અમલ કરવા અમો તૈયાર છીએ. આજે **શ્રી જૈન આત્માનંદ સભાના** રૂા. ૧૨૫) **શ્રી જૈનધર્મ પ્રસારક સભાના રૂા. ૧૨૫)** અને વિશાશ્રીમાળી જ્ઞાતિ તરફથી આવતી રૂા. ૬૦) ની વાર્ષિક ઇનામી મદદ તથા ત્રણ હજારના વ્યાજમાંથી લગભગ ત્રણસો બાળાઓને આ સંસ્થા શિક્ષણ આપે છે. આટલી સાંકડી આવકમાં તેનું કાર્ય ચલાવવામાં કેટલી મુશ્કેલી આવતી હશે તે તમો સમજી શકો છો. આ રીતે સંસ્થા વિકાસ ન પામી શકે, તે માટે ભાવનગરે જરૂર વિચાર કરવો ઘટે. પાંચ વર્ષથી તે માટે અમારી માગણી છે. છેવટે દરેક ઘર વાર્ષિક એક એક રૂપીયાની મદદ કરે તો પણ તે સારી ગતિ કરી શકે. શાળાના વિકાસમાં આપણો વિકાસ રહેલ છે, કારણ બાળાઓના ઘડતર ઉપર સમાજના ભાવિનો આધાર છે. તે ભવિષ્યની માતાઓ છે. પ્રાથમિક ધાર્મિક શિક્ષણ જો બરાબર શુદ્ધ-સુદૃઢ આપી શકાય તો આ શાળામાં ભણતી બાળાઓ સુસંસ્કારી, સદાચરણી બનતાં ભવિષ્યની તે માતાઓ થવાની હોવાથી તેમના બાળકો પણ ધાર્મિક જીવન જીવનારા, સુસંસ્કારી અને શ્રાવક નરરત્નો બને તે સ્વાભાવિક છે.

ધાર્મિક શિક્ષણ સાથે નૈતિક શિક્ષણ પણ આ શાળાની બાળાઓ મેળવી શકે અને ભવિષ્યમાં પોતાના બાળકોનું ધાર્મિક તેમજ નૈતિક જીવન સુંદર બનાવી શકે તેમ જ પ્રથમ માબાપની અને શ્વસુરગૃહે જાય ત્યારે સાસુ-સસરાની સેવા કરે, વિનય સાચવે, પતિપરાયણ બની સદાચારથી જૈન ધર્મ દીપાવે, શુદ્ધ વ્યવહાર પાળી શકે વગેરે માટે એક વર્ષથી ભાવનગર રાજ્યના કેળવણીખાતામાં ચાલીશ વર્ષ નોકરી કરી ફારેગ થયેલા અને ધાર્મિક શિક્ષક અને કવિ તરીકે જેઓ ઓળખાય છે તે **રા. રા. શ્રીયુત રેવાશંકરભાઇ વાલજી બધેકા** દર રવિવારે આ શાળાની બાળાઓને ઉપરોક્ત વિષયો ઉપર બહુ જ સુંદર અને સરલ ભાષામાં ભાષણ આપે તેવી ગોઠવણ કરવામાં આવી છે. તેથી બાળાઓને પણ બહુ આનંદ થવા સાથે ઉપરોક્ત બાબતોમાંથી પોતપોતાની બુદ્ધિ પ્રમાણે ઓછું વધતું શિક્ષણ મેળવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ શહેરમાં જૈન બાલિકાઓ માટે, તેમજ પ્રાથમિક જૈન શિક્ષણ માટે આ એક જ શાળા આડત્રીશ વર્ષથી એક સરખી સ્થિતિએ ચાલે છે, જેમાં કર્મગ્રંથ સુધી અભ્યાસ કરાવવામાં આવે છે. જો કે તેમાં સુધારાવધારા અને અભ્યાસક્રમની નવી યોજના વગેરે દાખલ કરવાનો ઘણો અવકાશ છે. વચ્ચે વચ્ચે ત્રણ વખત શિથિલતા આવી ગયા છતાં તેણે પોતાનું સ્થાન ટકાવી રાખેલ છે, જેથી તેને ભવિષ્યમાં ઉન્નત બનાવવાની તેમજ સાથે ઉદ્યોગ–હુન્નર અને મર્યાદિત ઘરઘંધાનું શિક્ષણ દાખલ કરવાની સમયાનુસાર જરૂર લાગે છે; પરંતુ તેની આર્થિક સ્થિતિ તે માટે જોઇએ તેવી નથી. જો અત્રેના શ્રીમંત બંધુઓ આ કર્તવ્ય જરૂરનું સમજી યોગ્ય પ્રમાણમાં આર્થિક સહાય આપે તો કમિટી તેની વિશેષ વિશેષ પ્રગતિ કરી શકે.

ઉદ્યોગ–હુન્નર અને ઘરગથ્થુ સ્ત્રી–શિક્ષણ કેવું ને કેટલું આપવું તેનો અમોએ તેવી શિક્ષણસંસ્થાઓ તપાસી અનુભવ લીધો છે, જેથી પાંચ વર્ષ સુધી પચીસત્રીશ રૂપિયા માસિક આપવા કોઇ ગૃહસ્થ ઉદારતા બતાવે તો તેનું સુંદર પરિણામ આ કન્યાશાળાની કાર્યવાહક કમિટી બતાવી શકે તેમ છે, અથવા એકી સાથે સાતથી આઠ હજાર રૂપિયાની રકમ આ કન્યાશાળાને આપવાની કોઈ પુણ્યશાળી ઉદાર નરરત્ન બંધુ ઉદારતા બતાવે તો તેના વ્યાજમાંથી પણ તેવું શિક્ષણ આપી શકાય અને તે ગૃહસ્થ પોતાનું કે પોતાના આપ્તજનનું નામ આપવા ઇચ્છા બતાવે તો કમિટી તેમ પણ કરી શકે. અમારી આ માગણી સ્વીકારવા નમ્ર વિનંતિ છે.

ત્યારબાદ **શેઠ કુંવરજી આણંદજી**એ જણાવ્યું કે એક વખત શિથિલ થએલ આ સંસ્થાને નવું જીવન આપવાની યોજના ઘડી તેની વ્યવસ્થા જ્યારથી **શ્રી જૈન આત્માનંદ સભા** હસ્તક સોંપવામાં આવી છે ત્યારથી **શ્રીયુત વલ્લભદાસભાઇ ત્રિભુવનદાસ ગાંધી** આદિના ઉત્સાહથી સંસ્થા ઠીક કાર્ય કરતી આવી છે. તેના વિકાસ માટે આર્થિક મદદની ખાસ જરૂર છે. ભાવનગરના શ્રીમંતો વિચાર કરે તો આ કન્યાશાળા ઘણું કરી શકે તેમ છે.

ત્યારબાદ ધાર્મિક–ઉપદેશક શ્રીયુત **રેવાશંકરભાઇ, માસ્તર શામજી હેમચંદ** વિગેરેના સમયોચિત વિવેચનો થયા હતા, અને પ્રમુખશ્રીએ સંસ્થાનો અભ્યુદય ઇચ્છી પોતાના હસ્તે બાળાઓને ઇનામો આપ્યા હતા, પ્રમુખ સાહેબ તરફથી પણ બાળાઓને જર્મન સીલ્વરના ગ્લાસની પ્રભાવના કરવામાં આવેલ હતી.

છેવટ **શેઠ દેવચંદ દામજી**એ સૌનો આભાર માનવા બાદ બાળાઓના વિદાય સંગીત પછી મેળાવડો વિસર્જન કરવામાં આવ્યો હતો.

## ગુજરાંવાલા (પંજાબ) માં શ્રી પર્યૂષણા પર્વની આરાધના.

ગુજરાંવાલા (પંજાબ)માં આ વર્ષે પૂજ્યપાદ આચાર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે પોતાની શિષ્ય મંડલી સાથે ચાતુર્માસ કરવાથી આખાય નગરમાં ધર્મની જાગૃતિ થઇ છે.

પર્વાધિરાજશ્રી પર્યૂષણા પર્વ ઘણી જ શાંતિ અને આનંદથી આરાધવામાં આવેલ છે.

દીલ્હી, સઢોરા, અંબાલા, માલેરકોટડા, સમાણા, લુધીઆણા, હુશીઆરપુર, જાલંધર, જંડીયાલા, અમૃતસર, લાહોર, કસુર, પટ્ટી, ખાનડોગરા, રામનગર, જહેલમ, જમ્મુ, પીંડદાદનખાં, કોહાટ, મોગામંડી, ફૂલમંડી, ભંટીડા, રાયપુર, શીયાલકોટ વગેરેથી સેંકડો માણસ પર્વનું આરાધન કરવા આવેલા હતા. રથયાત્રાનો અને શ્રી કલ્પસૂત્રનો વરઘોડો ઘણી જ ધામધૂમથી ચઢાવવામાં આવ્યો હતો.

રોજ દહેરાસરમાં ભાતભાતની આંગીઓ રચાતી હતી. પ્રભુ શ્રી પાર્શ્વનાથજીને કમઠે કરેલ ઉપસર્ગ વિગેરેના દેખાવ એવી તો ખૂબીથી કરવામાં આવતા કે જોનારને તાદૃશ ખ્યાલ આવતો હતો.

ગરમી સખ્ત હોવા છતાં તપશ્ચર્યા ૧૬–૧૫–૧૪–૧૩–૧૨–૧૧ અને નવ નવ ઉપવાસની સારા પ્રમાણમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઇ. અઠ્ઠાઈઓ પચાસેક થઇ. ૬–૫–૪ અને છઠ્ઠ અઠ્ઠમની તો ગણત્રી જ ન હતી.

શ્રી સંઘે આઠે દિવસ સેંકડો ગરીબ ભાઇઓને (હિન્દુ મુસલમાન) સર્વેને શીરો, ખીર, મીઠા ભાત વિગેરેનું પેટ ભરી ભોજન આપી પુણ્યોપાર્જન કર્યું હતું. સ્યાદ્‌વાદ વિદ્યાલય–કેકડી માટે ટીપ પણ કરવામાં આવી. આમદાની (ઉપજ) લગભગ ૪૫૦૦ સાડા ચાર હજારની થઇ હતી.

ચોથ, પાંચમ અને છઠ્ઠ એમ ત્રણ દિવસ વરઘોડાઓની સાથે ચતુર્વિધ શ્રી સંઘની જોડે આચાર્યશ્રીજીએ ચૈત્યપરિપાટી કરી હતી અને શ્રી ગુરુદેવના સમાધિ સ્થળે જઇને પણ દર્શન કર્યાં હતા.

સર્વ કસાઇ લોકોએ બુચડખાનું (કતલખાનું) અને પોતાની લગભગ ૧૫૦ દોઢસો દુકાનો બંધ રાખી જીવદયા પાળી સહાનુભૂતિ બતાવી હતી. આ પ્રસંગ પહેલવહેલો હોવાથી ધર્મશાસનની પ્રભાવના સારી થઇ હતી.

શ્રી આત્માનંદ જૈન ગુરુકુલના વિદ્યાર્થીઓએ પણ તપશ્ચર્યા વિગેરે સારા પ્રમાણમાં કરી અને ગુરુકુલના એક ભંગીએ પણ અઠ્ઠાઇ કરી હતી. આ વર્ષે અસાધારણ રીતે પર્યુષણા પર્વ ઉજવાયા હતા.

## શુદ્ધિપત્ર.

" શ્રી આત્માનંદ પ્રકાશ"ના ગયા અંકમાં આ સભાનો સં. ૧૯૯૫ની સાલનો રિપોર્ટ છેલ્લે સાથે આપવામાં આવેલો છે; તે રિપોર્ટના સતરમા પાનામાં સરવૈયું આપેલ છે, તે સરવૈયાની ઉધાર બાજુમાં પહેલી રકમ જે શરાફી ખાતે છે તેની ત્રીજી પેટા રકમમાં ૩૦૦૦) ભાવનગર સ્ટેટ બૉંડ છપાયેલ છે તે પ્રેસદોષથી ભૂલ થઇ છે જેથી ૩૦૦૦) ને બદલે રૂા. ૧૩૦૦૦) તેર હજાર ભાવનગર સ્ટેટ બૉંડ છે તેમ સમજવું.

પા. ૧–૧૫ મી લીંટીમાં દ્રવ્યાર્થિક નયથી છે તેને બદલે જિનવાણી દ્રવ્યાર્થિક નયથી તેમ વાંચવું.

પા. ૮ કોલમ બીજું ૨૮ મી લીંટીમાં બૃહતચ્છાંતિને બદલે બૃહચ્છાંતિ વાંચવું

પા. ૧૫ ફૂટનોટની ૬ ઠ્ઠી લીંટીમાં ક્ષાલિંગ ને બદલે ક્ષાયલિંગ વાંચવું.

## કામદાર વનમાળીદાસ છગનલાલનો સ્વર્ગવાસ.

શુમારે પાંસઠ વર્ષની વયે લાંબા દિવસની બિમારી ભોગવી શ્રાવણ શુદિ ૩ ના રોજ ભાઇ વનમાળીદાસ પંચત્વ પામ્યા છે. તેઓ માયાળુ, મીલનસાર, ધર્મના શ્રદ્ધાળુ હતા. ઘણા વર્ષોથી આ સભાના મેમ્બર હતા. તેઓના અવસાનથી સભાને એક યોગ્ય સભ્યની ખોટ પડી છે. તેઓના આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીએ છીએ.

## સંઘવી મણીલાલ ઘેલાભાઇનો સ્વર્ગવાસ.

ભાઇ મણિલાલ ઘણા વખતથી સામાન્ય બિમારી ભોગવતા હતા. તે વધતાં શ્રાવણ વદિ ૨ ના રોજ તેઓ પંચત્વ પામ્યા છે. તેઓ સાદા, સરલ, મિલનસાર, શ્રદ્ધાવાન હત. શ્રી વૃદ્ધિચંદજી વિદ્યાશાળાના અમુક વખતથી મંત્રી હતા. જૈન યુવક મંડળ અને બાળ વિદ્યાર્થી ભુવનના અધ્યક્ષ પૈકીના એક હતા. આ સભાના તેઓ કેટલાક વર્ષથી સભ્ય હતા. તેઓના સ્વર્ગવાસથી સભાને ખોટ પડી છે. તેઓના આત્માને અખંડ–અનંત શાંતિ પ્રાપ્ત થાઓ એમ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધ્યાનપૂર્વક અવશ્ય વાંચશો, વંચાવશો તેમજ લાભ લેશો.

# પ્રાચીન સાહિત્ય સંશોધક કાર્યાલય

: સંસ્થાપક : મંગળદાસ ત્રીકમદાસ ઝવેરી

નીડર લેખક, વક્તા અને કાર્યકર્તા

ટેંબીનાકા, **થાણા**

**સુજ્ઞ મહાશય,**

**જૈન** ધર્મ એ વિશ્વ ધર્મ બનવાને લાયક છે તે સંબંધે હવે કોઇનો બેમત રહ્યો જ નથી. પણ આ સંબંધમાં માત્ર વાતો કર્યાથી કશું વળે તેમ નથી. આ દિશામાં અપૂર્વ ઉત્સાહ, અજોડ ખંત અને સતત જહેમતથી પ્રયાસ કરવામાં આવે તો કાર્યસિદ્ધિ થઇ શકે. આપણા અપૂર્વ પ્રાચીન સાહિત્યને પ્રસિદ્ધિમાં મૂકવું જોઇએ અને તેનો સસ્તા મૂલ્યે પ્રચાર કરવો જોઇએ. જેમ જેમ પ્રાચીન સાહિત્ય વિપુલ પ્રમાણમાં બહાર આવતું જાય છે તેમ તેમ અનાદિ કાળથી ચાલી આવતી મૂર્ત્તિપૂજાની તેમજ પ્રાચીન જૈન ઇતિહાસની પ્રમાણિકતા સિદ્ધ થતી જાય છે. મૂર્ત્તિપૂજા બાબતમાં જૈન સમાજમાં બેમત નથી જ પરન્તુ જેઓ આ સંબંધમાં ભ્રમણા ઉપજાવે છે તેઓને સમ્રાટ્ સંપ્રતિનો ગ્રંથ સચોટ પ્રત્યુત્તરરૂપે છે.

ઇ. સ. ૧૯૩૮–૩૯ દરમિયાનમાં એક એવી ચર્ચા ઉદ્‌ભવી કે જેણે જૈન જગતમાં વંટોળ ઉત્પન્ન કર્યો. જેને માટે જૈન સમાજ ગૌરવ લે છે, જેણે અનાર્ય ક્ષેત્રોમાં પણ જૈન ધર્મની સુવાસ ફેલાવી તેમજ ત્રણ ખંડ સામ્રાજ્યના જે સમર્થ ભોક્તા હતા તેવા સમ્રાટ્ સંપ્રતિના અસ્તિત્વ સંબંધી એક પક્ષે શંકા ઉપસ્થિત કરી, જેના અંગે હજી પણ 'સાંજ વર્તમાન' વિગેરે છાપાઓમાં વિરોધાત્મક લેખો આવ્યા જ કરે છે. સવા કરોડ જિનબિંબ ભરાવનાર, સવા લાખ નૂતન જિનમંદિરો બંધાવનાર અને છત્રીશ હજાર જિનપ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવનાર સમ્રાટ્ સંપ્રતિ સંબંધી આવું વિકૃત લખાણ, વિપરીત પ્રરૂપણા અસહ્ય થઇ પડી. મારા વાંચન, પરિશીલન તથા અનુભવે સમજાયેલ સામગ્રીનો સદુપયોગ કરવાનો સુયોગ મળ્યો અને શાસનસેવાની ધગશે મેં પણ એવી વિકૃત લખાણશૈલી સામે મારી કલમ ચલાવી. જેમાં શાસનસ્તંભ સૂરીશ્વરોએ અને મારા મિત્રવર્ગે મને સૂચના કરી કે આવી મહત્ત્વતાભરી ઘટનાઓને ગ્રંથનું રૂપ અપાય તો તે અતીવ ઉપયોગી અને દીર્ઘ સમય પર્યંત રક્ષણાત્મક બની શકે. આ અત્યંત ઉપયોગી સૂચના મે વધાવી લીધી અને અતીવ મહેનત ને સતત કાર્યશીલતાને અંગે વર્ષોથી તૈયાર કરેલ સામગ્રીના પરિપાકરૂપ "**સમ્રાટ્ સંપ્રતિ યાને પ્રાચીન જૈન ઇતિહાસની પ્રમાણિકતા**" નામનો સચિત્ર ગ્રંથ ઐતિહાસિક જૈન દસ્તાવેજ તરીકે પ્રકાશિત કર્યો છે. તેમાં કઇ કઇ વસ્તુનો સમાવેશ કરવામાં આવ્યો છે તે આ સાથેનો પરિચય વાંચવાથી સમજાઇ જશે. આ ગ્રંથમાં શાસનસ્તંભ ગણાતા સૂરીશ્વરો પાસેથી સમ્રાટ્ સંપ્રતિ સંબંધી મેળવેલ અભિપ્રાયોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

આ કાર્યાલયના સંશોધનના કાર્યને વધુ વેગવંત બનાવવા અને જૈનત્વનું અભિમાન સાચવી રાખવા ચતુર્વિધ સંઘની સહાનુભૂતિ અને સહાયતાની જરૂર છે. એક ધર્મપ્રેમી તરીકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપને નમ્રતાભરી રીતે જણાવું છું કે આ ગ્રંથની નકલો ખરીદી ધર્મગૌરવતા દીપાવશો, તેમજ આપના મિત્રવર્ગમાં પણ આ મહાન્ ગ્રંથને લગતો પ્રચાર કરશો. મને આશા છે કે આપ મને આ પ્રમાણેના સાહિત્યપ્રકાશનમાં ઉત્તેજન આપી આ કાર્યાલયના આવા અન્ય અમૂલ્ય પુસ્તકો બહાર પાડવા મદદભૂત બનશો. આ સાથે કુપન જોડેલું છે, જેમાં પ્રચાર અર્થે સારા પ્રમાણમાં નકલો ખરીદી કાર્યાલયને જરૂર પીઠબળ આપશો.

આ ગ્રંથમાળાના બીજા ભાગમાં વીર નિર્વાણ ૬૦૫ થી ગુજરાતના અંતિમ મહારાજા કરણ વાઘેલા સુધીનો (૧૦૦૦ વર્ષનો) ઇતિહાસ એવી પ્રમાણભૂત રીતે શાસ્ત્રોક્ત શહાદતો સહિત રજૂ કરવામાં આવશે કે જેના વાંચનથી આપને ખાત્રી થશે કે જ્ઞાનભંડારોમાં અપ્રગટ પ્રમાણભૂત પ્રાચીન સાહિત્ય કેટલું વિપુલ પડયું છે. અસ્તુઃ

પિતૃભક્ત અંધ કુણાલે પોતાની પવિત્ર મઢૂલીમાં જન્મેલ સમ્રાટ્ સંપ્રતિના અર્થે સમ્રાટ્ અશોક પાસે કાંકણીની માગણી કરી તેવી જ રીતે લેખકની ઝુંપડીમાં ગુંથાયેલ 'સમ્રાટ્ સંપ્રતિ'ના આ અપૂર્વ ગ્રંથરત્નના પ્રચારાર્થે જૈન સમાજ, જ્ઞાનભંડારો, લાઇબ્રેરીઓ તેમજ વિદ્યાપીઠોને આ ગ્રંથ ખરીદવા મારી નમ્ર વિજ્ઞપ્તિ છે. લગભગ ૬૫ ફારમના આ દળદાર ગ્રંથની કીંમત પ્રચારાર્થે માત્ર રૂા. પાંચ અને પરદેશ માટે શીલીંગ આઠ રાખવામાં આવેલ છે. પોસ્ટેજ અલગ. સમ્રાટ્ સંપ્રતિ તેમજ અન્ય પ્રાચીન હકીકતને દર્શાવતા લગભગ ૩૦-૩૫ ફોટાઓ આ ગ્રંથમાં દાખલ કરી, સુંદર ત્રિરંગી જેકેટ સાથે આ ગ્રંથને અત્યંત શોભાસ્પદ બનાવવામાં આવ્યો છે.

લી૦ ભવદીય.

**મંગળદાસ ત્રીકમદાસ ઝવેરીના**

જયજિનેંદ્ર

# પરિચય

રેજમિશ્રિત સુવર્ણને શુદ્ધ કરી અલંકાર બનાવવામાં આવે તો તે સુંદર શોભાને ધારણ કરે છે તેમ વેરવિખેર થયેલ ઇતિહાસ–પાંખડીઓને સંગ્રહિત કરી તેને કાળગણના પ્રમાણે ગુંથવામાં આવે તો તે અતિ ઉપયોગી થઇ પડે છે. શિશુનાગવંશી મહારાજા બિંબિસાર( શ્રેણિક )થી પ્રારંભી પરમાર્હત્ કુમારપાળ તેમજ ગુજરાતના અંતિમ હિંદુ રાજવી કરણ વાઘેલા સુધીનો લગભગ ૨૦૦૦) વર્ષનો આપણો જાહોજલાલીભર્યો ઇતિહાસ શૃંખલાબદ્ધ નથી. આ ત્રુટીને દૂર કરવા માટે **પ્રાચીન સાહિત્ય સંશોધક કાર્યાલય**ની સ્થાપના કરવામાં આવી છે. અને તેના પરિણામસ્વરૂપ યુગાદિનાથ શ્રીઋષભદેવથી માંડીને વી. નિ. ૬૦૫ એટલે કે શાલિવાહન શક સુધીનો સંક્ષિપ્ત ઇતિહાસ **"સમ્રાટ્ સંપ્રતિ યાને પ્રાચીન જૈન ઇતિહાસની પ્રમાણિકતા"** નામના આ ગ્રંથમાં રજૂ કરવામાં આવ્યો છે.

પ્રાથમિક વિચાર તો સમ્રાટ્ સંપ્રતિના જીવનને લગતો ઇતિહાસ રજૂ કરવાનો હતો પણ જેમ જેમ તે માટેના અન્વેષણમાં ઊતરતો ગયો તેમ તેમ વિશેષ સામગ્રી ઉપલબ્ધ થતી ગઇ. પ્રથમ તો આખા મૌર્ય વંશનો ઇતિહાસ તૈયાર કર્યો પણ નંદ વંશના ઇતિહાસ વિના તે અપૂર્ણ જણાયો. એટલે બીજું કાર્ય નંદવંશની વંશાવળી સંબંધી હાથ ધરતાં શિશુનાગ વંશનો ઇતિહાસ પણ આલેખવાની જરૂરિયાત ઊભી થઇ અને એમ એક એક પગથિયું આગળ વધતાં છેવટે યુગાદિનાથ શ્રીઋષ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભદેવના જીવન સુધી પહોંચવું પડયું જેમાં ઇતિહાસવેત્તાઓ માટે ૪૫ આગમ ગ્રંથોનો ઉલ્લેખ કરવાની જરૂરિયાત જણાઇ. કેટલોક ઇતિહાસ ઇરાદાપૂર્વક અતિ સંક્ષેપમાં લેવો પડયો છે, કારણ કે તે સંબંધે વિસ્તૃત વર્ણન કરતાં તેને માટે એક અલગ ગ્રંથ જ નિર્માણ કરવો જોઇએ અને તો જ તેને પૂરતો ન્યાય આપી શકાય. વાચકવર્ગની સરલતાની ખાતર આ ગ્રંથને આઠ વિભાગમાં વહેંચી નાખવામાં આવ્યો છે. વિભાગવાર સંક્ષિપ્ત સમજ નીચે પ્રમાણે છે.

**પહેલો વિભાગ**—( પ્રકરણ ૭ ) યુગાદિનાથ શ્રી ઋષભદેવ પૂર્વેની સ્થિતિ, શ્રી ઋષભદેવનો સંક્ષિપ્ત હેવાલ, પીસ્તાલીશ આગમોના નામો અને તેની ટૂંકી સમજ, શ્લોકસંખ્યા વિગેરે, ત્રેસઠ શલાકા પુરુષોનાં નામો વિગેરેને લગતું વર્ણન કરવામાં આવ્યું છે.

**બીજો વિભાગ**--( પ્રકરણ ૨૩ ) શિશુનાગવંશી બિંબિસાર ( મહારાજા શ્રેણિક ), અજાતશત્રુ (કોણિક), તથા ઉદયાશ્વના જીવન-પ્રસંગો, અભયકુમારની કુશળતાના પ્રસંગો, ચરમતીર્થપતિ ભગવાન મહાવીર તથા ગૌતમ બુદ્ધની જીવનપ્રભા, બૌદ્ધ ધર્મની ઉત્પત્તિનું રહસ્ય, જૈન અને બૌદ્ધ ધર્મ વચ્ચેનું સામ્ય, પાટલિપુત્રની ઉત્પત્તિ વગેરે વગેરે વિષયો ચર્ચવામાં આવ્યા છે. આ વિભાગ ઇતિહાસવેત્તાઓ માટે અતીવ ઉપયોગી છે, જેમાં ગૌતમ બુદ્ધનો ઇતિહાસ પ્રમાણભૂત રીતે આલેખવામાં આવ્યો છે. સંશોધકો માટે પણ આ વિભાગ ઘણો જ ઉપયોગી છે.

**ત્રીજો વિભાગ**—(પ્રકરણ ૧૮) નંદવંશી રાજાઓનું વિસ્તૃત બ્યાન, નંદવંશના રાજ્યામલના ૧૦૦ નહિ, ૧૫૫ નહિ પરંતુ કાળગણનાના પ્રમાણભૂત આધારે ૧૫૦ વર્ષની સાબિતી, મગધનો ભયંકર દુકાળ તથા ભદ્રબાહુસ્વામીનો સંશોધનપૂર્વકનો પરિચય, સ્થૂલભદ્રનું જીવનચરિત્ર, પરદેશી આક્રમણોની શરૂઆત, ચાણાકયનું અપમાન અને તેની પ્રતિજ્ઞા, મૌર્યવંશી સામ્રાજ્યની સ્થાપનાના સૂત્રધાર ચાણાકયની જીવનપ્રભા, નંદવંશનો અંત અને મૌર્ય સામ્રાજ્યની સ્થાપના વિગેરે વિષયોનો આ વિભાગમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ વિભાગ ઇતિહાસવેત્તાઓ તેમજ સાધુ સંપ્રદાય માટે ખાસ રસપ્રદ છે.

**ચોથો વિભાગ**—(પ્રકરણ ૧૫) ચંદ્રગુપ્ત અને ભદ્રબાહુસ્વામી સંબંધી દક્ષિણમાં ગયાની જે દંતકથા રૂઢ સ્વરૂપ પકડી રહી છે તેનો નિરાસ, ચંદ્રગુપ્ત, બિંદુસાર તથા અશોકના રસિક જીવનવૃત્તાંતો અને ધાર્મિક કાર્યોની નોંધ, સીકંદર તેમજ સેલ્યુકસની ચઢાઇ, અશોકપુત્ર કુણાલનો અંધાપો, સમ્રાટ્ સંપ્રતિનો જન્મ અને કુણાલની કુનેહથી રાજ્યપ્રાપ્તિ વિગેરેને લગતા પ્રકરણો આ વિભાગમાં દાખલ કરવામાં આવ્યા છે. સમ્રાટ્ સંપ્રતિના અસ્તિત્વ સંબંધમાં શંકા ઉઠાવનારાઓ માટે આ અને આ પછીના વિભાગો સચોટ પુરાવારૂપ છે.

**પાંચમો વિભાગ**—( પ્રકરણ ૧૮ ) સંપ્રતિનો રાજ્યાભિષેક અને પ્રસ્થાન, જીવંતસ્વામીની પ્રતિમાનું તલસ્પર્શી વર્ણન, રથયાત્રાનો વરઘોડો અને સંપ્રતિને જાતિસ્મરણજ્ઞાન, આર્યસુહસ્તિસૂરિએ કહેલ પૂર્વભવ, તેને લગતા *નિશીથચૂર્ણી, કલ્પદીપિકા, કલ્પલતા તથા નવાંગી ટીકાકાર અભયદેવસૂરિરચિત સંપ્રતિની સંસ્કૃત કથા વિગેરે શાસ્ત્રીય શહાદતો, +વજ્રચુલિયા જેવા પ્રાચીનતમ પુસ્તકની સાક્ષી, સંપ્રતિની તીર્થયાત્રા ને અશોકની સંમતિ, સંભોગી ગોચરી સંબંધી ભ્રમણાનો નિરાસ, અવંતીસુકુ-

---

* ' નિશિથચૂર્ણી ' વી. નિ. આઠમા સૈકામાં રચાયેલ છે એટલે કે આજે તેને લગભગ સોળસો વર્ષ વ્યતીત થઈ ગયા છે.

+ વજ્રચુલિયા ભગવાન મહાવીરની પાંચમી પાટે આવેલ શ્રી યશોભદ્રસ્વામીએ રચેલ છે. નિશીથચૂર્ણી કરતાં પણ આ ગ્રંથ પ્રાચીન મનાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માલનું વૃત્તાંત, રથયાત્રાનો અપૂર્વ મહોત્સવ અને સંપ્રતિનો સામંતો પ્રત્યે ઉપદેશ, જૈન ધર્મ પ્રત્યે અચળ–અતૂટ શ્રદ્ધા અને અનાર્ય દેશોમાં કરાવેલ વિહાર, હમેશાં એક જિનમંદિરના નિર્માણનો અભિગ્રહ, પાંચમા આરાનું સ્વરૂપ, મગધાધિપતિ બન્યા બાદ સંપ્રતિનો નેપાળ, ખોટાન, ભૂતાન, અફઘાનીસ્થાન આદિ પ્રાંતો પર વિજય, જૈન ધર્મના પ્રચાર માટે અવિરત શ્રમ અને શ્રદ્ધા, મૌર્યવંશી રાજ્ય કુટુંબમાં આંતરિક કલેશ ને પતન વિગેરે વિષયો સચોટ મુદ્દાઓ, પ્રાચીન આગમ સૂત્રો, ઐતિહાસિક ગ્રંથો, સનાતની તેમજ બૌદ્ધ સંપ્રદાયના ગ્રંથોના પ્રમાણો અને સમ્રાટ્ સંપ્રતિ–નિર્મિત વિદ્યમાન જૈન મંદિરો, મૂર્તિઓ તેમજ કૃતિયો જણાવી સમ્રાટ્ સંપ્રતિનું અસ્તિત્વ સિદ્ધ કરવામાં આવ્યું છે.

**છઠ્ઠો વિભાગ—**( પ્રકરણ ૪ ) અત્યાર સુધી અપ્રગટ રહેલ મુનિહંત ' કલંકી ' સ્વરૂપ પુષ્યમિત્રની જીવનરેખા, તેના ૩૫ વર્ષના રાજ્યામલ દરમિયાન તેણે કરેલ નૃશંસ કાર્યોની નોંધ, બૌદ્ધગ્રંથ દિવ્યાવદાનની શહાદત, પાટલિપુત્રનું પતન અને પુષ્યમિત્રનો વિનાશ આ વિભાગમાં લેવામાં આવ્યો છે. સંશોધકો માટે આ વિભાગ નવીન ઘટના પૂરી પાડે છે.

**સાતમો વિભાગ—**( પ્રકરણ ૬ ) મહારાજા ખારવેલનો વૃત્તાંત અને ગુફાઓનું ટુંકું બયાન, ખારવેલની મગધ પર બે વાર ચઢાઇ અને સુવર્ણ પ્રતિમાની પુનઃ પ્રાપ્તિ, ગર્દભીલ્લ ને કાલકાચાર્યનો સંબંધ, રત્નસંચય ગ્રંથનો પાઠ રજૂ કરી ચારે કાલકાચાર્ય સંબંધી ચોખવટ, વિક્રમ સંવત્સરની શરૂઆત, નરવાહન ઊર્ફે નભસેનની હકીકત, શાલિવાહન શકની શરૂઆત વિગેરે વિષયોને લગતી સ્પષ્ટ બીના આ વિભાગમાં આલેખવામાં આવી છે. ઇતિહાસવેત્તાઓ માટે આ વિભાગ પણ અપૂર્વ પ્રકાશમય છે.

**આઠમો વિભાગ—**( પ્રકરણ ૪ ) મૌર્યવંશ તથા નંદવંશની રાજ્ય કાળગણનામાં કયાં અને કેવી રીતે ભૂલ થવા પામી છે તેનો સ્ફોટ ને આધુનિક વિદ્વાનોના કાળગણના સંબંધેના મતભેદોની પર્યાલોચના.

આ આઠે વિભાગોમાં જ્યાં જ્યાં યુગપ્રધાનોનો સંબંધ આવે છે ત્યાં ત્યાં તેમને લગતી હકીકત પણ દાખલ કરવામાં આવી છે. આ યુગપ્રધાનની પ્રણાલિકા સ્થવિરાવલી પરથી લેવામાં આવી છે.

આઠ વિભાગો ઉપરાન્ત જૈનાચાર્યોની સાહિત્ય સેવા સમજાવવા માટે તેમજ કયા કયા સંવતમાં શું શું બન્યું તેની સંક્ષિપ્ત સમજ માટે પાછળ ચાર પરિશિષ્ટો ઉમેરવામાં આવ્યા છે.

## પુસ્તક–પ્રાપ્તિસ્થાનો

**પ્રાચીન સાહિત્ય સંશોધક કાર્યાલય**
તેમજ
**પ્રકાશક**
**શા ખેંગારજી હીરાજીની કું.**
ટેંબી નાકા, **થાણા.**
**શ્રી આત્માનંદ જૈન સભા**
**ભાવનગર.**
**સારાભાઈ મણિલાલ નવાબ**
સાબરમતી, **અમદાવાદ.**

**મેઘરાજ જૈન પુસ્તક ભંડાર**
પાયધુની, ગોડીજીની ચાલ.
**મુંબઇ.**
**દાદર જૈન દહેરાસરની પેઢી**
સ્ટેશન રોડ—**દાદર.**
**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા**
**ભાવનગર.**
**શા મોહનલાલ રૂગનાથ**
જૈન બુકસેલર–**પાલીતાણા**

આનંદ પ્રેસ–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નવા થયેલા માનવંતા સભાસદો.

| | | |
|---|---|---|
| ૧. શેઠ હીરાલાલ સોમચંદ | ભાવનગર | લાઇફ મેમ્બર |
| ૨. શાહ જયંતિલાલ વિઠ્ઠલદાસ | " | " |
| ૩. શાહ રતનશી ગુલાબચંદ | " | વાર્ષિક મેમ્બર |
| ૪. શાહ બાલુભાઇ પ્રેમચંદ | " | " |


# શ્રી વીશ સ્થાનક તપ પૂજા (અર્થ સાથે)

## ( વિસ્તારપૂર્વક વિવેચન તથા મંડળ સહિત )

વિસ્તારપૂર્વક વિધિવિધાન, નોટ, ચૈત્યવંદન, સ્તવનો, મંડળો વગેરે અને સાદી સરલ ગુજરાતી ભાષામાં અર્થ સહિત અમોએ પ્રગટ કરેલ છે. વીશ સ્થાનક તપ એ તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરાવનાર મહાન્ તપ છે. તેનુ આરાધન કરનાર બહેન તથા બંધુઓ માટે આ ગ્રંથ અતિ મહત્વનો અને ઉપયોગી છે. શ્રી વીશ સ્થાનક તપનું મંડળ છે તેમ કોઇ અત્યાર સુધી જાણતું નહોતું, છતાં અમોએ ઘણી જ શોધખોળ કરી પ્રાચીન ઘણી જ જુની તાડપત્રની પ્રત ઉપરથી મોટો ખર્ચ કરી ફોટો-બ્લોક કરાવી તે મંડળ છપાવી આ બુકમાં દાખલ કરેલ છે. આ એક અમૂલ્ય ( મંડળ ) નવીન વસ્તુ જિનાલય, ઉપાશ્રય, જ્ઞાનભંડાર, લાઇબ્રેરી અને ઘરમાં રાખી પ્રાતઃકાળમાં દર્શન કરવા લાયક સુંદર ચીજ છે.

ઊંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં છપાવી સુશોભિત બાઇન્ડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે, છતાં કિંમત બાર આના માત્ર રાખવામાં આવેલી છે. પોસ્ટેજ અલગ.

# શ્રી મહાવીર જીવનચરિત્ર.

## ( શ્રી ગુણચંદ્રગણિકૃત )

બાર હજાર શ્લોક પ્રમાણ, મૂળ પ્રાકૃત ભાષામાં, વિસ્તારપૂર્વક સુંદર શૈલીમાં, આગમો અને પૂર્વાચાર્યોરચિત અનેક ગ્રંથોમાંથી દોહન કરી શ્રી ગુણચંદ્ર ગણિએ સં. ૧૧૩૯ ની સાલમાં રચેલો આ ગ્રંથ, તેનું સરળ અને ગુજરાતી ભાષાંતર કરી શ્રી મહાવીર જીવનના અમુક પ્રસંગોના ચિત્રોયુક્ત સુંદર અક્ષરોમાં પાકા કપડાના સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર કરી પ્રગટ કરવામાં આવ્યો છે.

અત્યાર સુધીમાં પ્રકટ થયેલ શ્રી મહાવીર ચરિત્રો કરતાં વધારે વિસ્તારવાળો, જીવનના અનેક નહિ પ્રકટ થયેલ જાણવા જેવા પ્રસંગો, પ્રભુના પાંચે કલ્યાણકો, પ્રભુના સત્તાવીશ ભવોના વિસ્તારપૂર્વક વિવેચન અને છેવટે પ્રભુએ સ્થળે સ્થળે આપેલ વિવિધ વિષયો ઉપર બોધદાયક દેશનાઓનો સમાવેશ આ ગ્રંથમાં કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

લખો:—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

"શ્રી આત્માનંદ પ્રકાશ" માસિકનું વાર્ષિક લવાજમ. રૂા. ૧-૮-૦ પોસ્ટેજ ચાર આના અલગ


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

## નીચેના પ્રાકૃત-સંસ્કૃત ગ્રંથોની ઘણી અલ્પ નકલો જ સિલિકે છે, જેથી જલદી મંગાવવા સૂચના છે.

(૧) વસુદેવ હિંડિ પ્રથમ ભાગ રૂ. ૩-૮-૦
(૨) ,, દ્વિતીય ભાગ રૂ. ૩-૮-૦
(૩) બૃહત્કલ્પસૂત્ર ભા. ૧ લો રૂ. ૪-૦-૦
(૪) ,, ભા. ૨ જો રૂ. ૬-૦-૦
(૫) બૃહત્કલ્પસૂત્ર ભા. ૩ જો રૂ. ૫-૮-૦
(૬) ,, ભા. ૪ થો રૂ. ૬-૪-૦
(૭) ,, ભા. ૫ મો રૂ. ૫ ૦-૦
(૮) શ્રી દેવેન્દ્રસૂરિકૃત ચાર કર્મગ્રંથ રૂ. ૨-૦-૦
(૯) ત્રિષષ્ટિશ્લાકા પુરુષ ચરિત્ર પર્વ ૧ લું પ્રતાકારે તથા બુકાકારે રૂ. ૧-૮-૦

---

## ગુજરાતી ગ્રંથો.

નીચેના ગુજરાતી ભાષાના કથાના સુંદર પુસ્તકો પણ સિલિકે ઓછા છે. વાંચવાથી આહ્લાદ ઉત્પન્ન કરે તેવા છે. મનુષ્ય સંસ્કારી, ચારિત્રવાન બનતાં આત્મકલ્યાણ સાધી શકે છે. મંગાવી ખાત્રી કરો. બધા પુસ્તકો સુંદર અક્ષરોમાં સુશોભિત કપડાંના પાકા બાઇન્ડીંગથી અલંકૃત અને કેટલાક તો સુંદર ચિત્રો સહિત છે.

(૧) શ્રી ચંપકમાળા ચરિત્ર રૂ. ૦-૮-૦
(૨) શ્રી સમ્યક્ત્વ કૌમુદી રૂ. ૧-૦-૦
(૩) શ્રી ઉપદેશ સપ્તતિકા રૂ. ૧-૦-૦
(૪) સુમુખનૃપાદિ ધર્મ પ્રભાવકોની કથા રૂ. ૧-૦-૦
(૫) શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર રૂ. ૨-૦-૦
(૬) શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૧ લો રૂ. ૨-૦-૦
(૭) ,, ભા. ૨ જો રૂ ૨-૮-૦
(૮) આદર્શ જૈન સ્ત્રી રત્નો રૂ. ૨-૦-૦
(૯) શ્રી દાનપ્રદીપ રૂ. ૩-૦-૦
(૧૦) કુમારપાળ પ્રતિબોધ રૂ ૩-૧૨-૦
(૧૧) જૈન નરરત્ન ભામાશાહ રૂ ૨-૦-૦
(૧૨) શ્રી વિમલનાથ ચરિત્ર રૂ ૧-૧૨-૦
(૧૩) શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર રૂ ૧-૧૨-૦
(૧૪) સુકૃતસાગર (પૃથ્વીકુમાર ચરિત્ર) રૂ ૧-૦-૦
(૧૫) શ્રી પ્રભાવક ચરિત્ર રૂ ૨-૮-૦
(૧૬) શ્રીપાળરાજાનો રાસ સચિત્ર અર્થ સહિત સાદું પૂંઠું રૂ ૨-૦-૦
,, રેશમી પૂંઠું રૂ ૨-૮-૦
(૧૭) સતી સુરસુંદરી ચરિત્ર રૂ ૧-૮-૦
(૧૮) શત્રુંજયનો પંદરમો ઉદ્ધાર રૂ ૦ ૨-૦
(૧૯) ,, સોળમો ઉદ્ધાર રૂ ૦-૪-૦
(૨૦) શ્રી તીર્થંકર ચરિત્ર રૂ ૦ ૧૦ ૦
(૨૧) શ્રી મહાવીર ચરિત્ર રૂ ૩-૦-૦

## તૈયાર થતાં-છપાતાં ગ્રંથો.

(૧) કર્મગ્રંથ ભા. ૫-૬ ઠ્ઠો. (૨) શ્રી સંઘપતિ ચરિત્ર (ધર્માભ્યુદય) (૩) બૃહત્કલ્પસૂત્ર ભા. ૬ ઠ્ઠો. (૪) કથારત્ન કોષ શ્રી દેવભદ્રસૂરિકૃત (૫) શ્રી નિશીથચૂર્ણિ સૂત્ર ભાષ્ય સહિત (૬) વસુદેવ હિંડિ ભા. ૩ જો (૭) શ્રી ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર પર્વ ૨-૩-૪-૫-૬ સાથે (૮) શ્રી મલયગિરિ વ્યાકરણ.

## તૈયાર થતાં ગુજરાતી ગ્રંથો.

(૧) શ્રી વાસુપૂજ્ય ચરિત્ર. (૨) શ્રી આદિનાથ ચરિત્ર. (શ્રી પદ્માનંદ મહાકાવ્ય) (૩) શ્રી સંઘપતિ ચરિત્ર.

( આનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર. )

For Private And Personal Use Only